dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 08 | Issue- 214 | AD - 2025, Vaishakh Sud- 12 | Friday, Dt.09-05-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

AIMS -એઇમ્સ
Care is our culture
HOSPITAL-AMRELI હોસ્પિટલ અમરેલી
ડૉ. કેયુર આર. કોટડીયા MBBS, DNB MEDICINE, FID, CCEBDM, FELLOW IN CRITICAL CARE
હૃદયરોગ અને ડાયાબીટીસની સારવારમાં નિષ્ણાંત
એઇમ્સ હોસ્પિટલ - અમરેલી
બહોળો અનુભવ: નાઈસ હોસ્પિટલ, તળાજા
સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદ, જી. કે. જનરલ હોસ્પિટલ, ભુજ
સ્પેસિયલ ઇન્ટરેસ્ટ
૧) ડાયાબિટીશ, બી.પી., હાઈ કોલેસ્ટેરોલ વગેરે જેવા ક્રોનિક રોગોનું નિદાન તથા સારવાર
૨) દમ (અસ્થમા), સીઓપીડી, ટી.બી., ફેફસામાં પાણી ભરાવું, ન્યુમોનિયા, (Covid-19) કોવિડ, વગેરે રોગોનું નિદાન તથા સારવાર
૩) (સ્ટ્રોક) મગજનો હુમલો (પક્ષઘાત), ખેંચ, વાઈ, ચક્કર આવવા વગેરે જેવા મગજના રોગોનું નિદાન તથા સારવાર
૪) મેલેરીયા, ડેન્ગ્યુ, ચિકનગુનીયા, ટાઈફોઈડ, બ્રુસેલા, કમળો વગેરે વિવિધ પ્રકારના તાવનું નિદાન તથા સારવાર
૫) કોલેરા, ઝાડા, ઉલટી, પેટનો દુઃખાવો, એપેન્ડીક્ષ,
૬) પેનક્રીએટાઈસીસ-સ્વાદુપિંડનો સોજો, ઉલટીમાં લોહી આવવું વગેરે જેવા પેટના રોગોનું નિદાન તથા સારવાર
૭) પોઈઝન, સર્પદંશ, વીંછી કરડવો, ઈલેક્ટ્રીક શોક વગેરેનું નિદાન તથા સારવાર
GNM તેમજ Bsc નર્સીંગ સ્ટાફ જોઈએ છે
સંપર્ક : 7610810857
એઇમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી.
02792222060 / 7610810827

Sheetal
We are HIRING!
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (MALE | FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
Ready to take your future career to new heights?
PLEASE SEND YOUR CV
APPLY NOW
+91 90819 98018
hardik@sheetalicecream.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

## મોડી સાંજે પાક. તરફથી સરહદી વિસ્તારમાં ડ્રોનથી હુમલો : તમામ મિસાઈલ હુમલા ભારતે નિષ્ફળ બનાવ્યા

# મોડી સાંજે પાકે કરેલા હુમલાનો ભારત તરફથી મુંહતોડ જવાબ



## ભારતે લાહોર, કરાચી, રાવલપિંડીમાં એર ડિફેન્સ સિસ્ટમ્સ નાશ કરી, દેશમાં ઘણી જગ્યાએ બ્લેક આઉટ

ન્યૂ દિલ્હી,તા.૦૮

ઓપરેશન સિંદૂરના બીજા દિવસે ભારતે પાકિસ્તાન સામે મોટી કાર્યવાહી કરી છે. ગુરુવારે સવારે ભારતની સ્ટ્રાઈકમાં પાકિસ્તાનનાં ત્રણ મુખ્ય શહેર- લાહોર, કરાચી અને રાવલપિંડીમાં સ્થાપિત HQ-9 એર ડિફેન્સ સિસ્ટમ્સ નાશ પામી હતી. સમાચાર એજન્સી ANIએ આ માહિતી આપી છે. ભારતે આ હુમલા માટે ઈઝરાયલી હાર્પી ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ ગુરુવારે બપોરે જણાવ્યું હતું કે ભારતે પાકિસ્તાનનાં ૯ શહેરમાં ડ્રોન હુમલા કર્યા છે. પાકિસ્તાને ગઈકાલે મોડી રાત્રે ગુજરાત સહિત દેશના ૧૫ સૈન્ય ઠેકાણે હુમલાનો પ્રયાસ કર્યો હતો, જેને ભારતીય સુરક્ષા એજન્સીઓએ નિષ્ફળ કરી દીધો હતો. પાકિસ્તાને અવંતિપુરા, શ્રીનગર, જમ્મુ, પઠાણકોટ, અમૃતસર, કપૂરથલા, જલંધર, લુધિયાણા, આદમપુર, ભટીંડા, ચંદીગઢ, નલ, ફલોદી, ઉત્તરલઈ અને ગુજરાતના ભુજમાં ડ્રોન અને મિસાઈલ વડે હુમલા કર્યા હતા. ભારતે કરેલ એર સ્ટ્રાઈકમાં ઓપરેશન સિંદૂરમાં ૧૫૦થી વધુ આતંકીઓ ઢેર થયા છે. મોડી સાંજે પાકિસ્તાન તરફથી જમ્મુ કાશ્મીરમાં ભારે મિસાઈલ મારો કરવામાં આવ્યો હતો. ભારત તરફથી તમામ મિસાઈલને તોડી પાડવામાં આવી હતી. હાલમાં ભારતે પોતાની ડિફેન્સ સિસ્ટમ એક્ટિવેટ કરી દીધી છે અને પાકિસ્તાન તરફથી થનાર કોઈપણ હુમલાને ભરી પીવા માટે સૈન્ય પણ તૈયાર છે. પાકિસ્તાન તરફથી થયેલા હુમલા બાદ જમ્મુ એરબેઝ પરથી ભારતીય વિમાનોએ પણ ઉડાન ભરી હતી અને પાકિસ્તાન પર વળતો જવાબી હુમલો કર્યો હતો. જેમાં ભારતે પાકિસ્તાનના એફ ૧૬ વિમાનને તોડી પાડ્યું હતું.

શું તમે ધોરણ ૧૦ કે ૧૨ ફેલ છો ?
તો પાસ થવાની ૧૦૦% સુવર્ણ તક
તો હવે.... વર્ષ બગડવાની ચિંતાથી મેળવો છુટકારો...
શું તમે ગુજરાત બોર્ડમાં બે થી વધુ વિષયમાં નાપાસ છો ?
શું તમે આજ વર્ષમાં જ પાસ થવા માંગો છો ?
વર્ષ બચાવવા માંગો છો?
તો આપની પાસે છે એક વિકલ્પ → Nios Board
રજીસ્ટ્રેશન માટે જરૂરી ડોકયુમેન્ટ
ધો. ૧૦ની પરીક્ષા માટે
૧. છેલ્લે અભ્યાસ કરેલ હોય તે ધોરણની માર્કશીટ
૨. શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)
૩ આધાર કાર્ડ, ૪. પાસપોર્ટ સા. ફોટા-૨
૫ કાગળમાં સીગ્નેચર, ૬. માતાનું આધાર કાર્ડ
ધો. ૧૨ ની પરીક્ષા માટે
૧. ધો-૧૦ પાસની માર્કશીટ
૨. શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)
૩ આધાર કાર્ડ, ૪. પાસપોર્ટ સા. ફોટા-૨
૫ કાગળમાં સીગ્નેચર, ૬. માતાનું આધાર કાર્ડ
છેલ્લા 8 વર્ષથી Nios Board નું સંપુર્ણ માર્ગદર્શન આપતી એકમાત્ર સંસ્થા
✔ ૧૦૦% સરકાર માન્ય ભારતનું સૌથી મોટું રાષ્ટ્રીય બોર્ડ છે.
✔ આ બોર્ડ ઓપન બોર્ડ છે. જેમાં વિદ્યાર્થી ઘર બેઠા પરીક્ષા આપી શકે છે.
✔ ધો.10 અને ધો.12 (સાયન્સ/કોમર્સ/આર્ટસ) માધ્યમ (ગુજરાતી/હિન્દી/અંગ્રેજી) થી પરીક્ષા આપી શકાય છે.
✔ ધો. 8 પાસ કે તેથી ઓછા અભ્યાસવાળા પણ આની પરીક્ષા આપી શકે છે.
✔ આ બોર્ડ માંથી ધો. 10 પાસ કર્યા બાદ ધો. 11 કે ડીપ્લોમાં તથા ધો. 12
✔ પાસ કર્યા બાદ કોઇપણ કોલેજના કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકાય છે.
✔ સરકારી બોર્ડ હોવાથી સરકારી નોકરીમાં પણ માન્યતા ધરાવે છે. તેમજ સરકારી નોકરીયાતને આગળના પ્રમોશનમાં માન્ય છે.
✔ wwww.cobes.org/member.htm(કોબ્સે) ભારત સરકારની એવી સંસ્થા છે જે ભારતના દરેક રાજયમાં આવેલા શૈક્ષણિક બોર્ડને માન્યતા આપે છે.
✔ આ તમામ માહિતી જાતે જ ચકાસવા માટે ઉપર આપેલ વેબસાઇટમાં ક્માંક નં.22 પર Gujarat Board અને ક્માંક નં. 42 પર Nios Board ની સંપૂર્ણ માહિતી મળી રહેશે.
National Institute of Open Schooling
પંકજભાઈ મહેતા Mo. 9426471325 Mo. 9824064274

સમગ્ર ગુજરાતમાં સતત 18 વર્ષથી સર્વ શ્રેષ્ઠ પરિણામ આપતી એકમાત્ર સંસ્થા...
S.S.C.બોર્ડમાં અમરેલી વિધ્યાસભાનો ડંકો A1 ગ્રેડમાં 21 વિધાર્થીઓ... સમગ્ર ગુજરાત રાજ્યમાં 7 માં ક્રમે 2 વિધાર્થીનીઓ...
P.R. 99.93 ભુત સિયા A1 Grade
P.R. 99.93 વાઢીયા આયુષી A1 Grade
A1 Grade ફર્સ્ટ (ગુજરાતી માધ્યમ) A1 Grade
P.R. 99.14 પરમાર ધુતિ A1 Grade
ડીસ્ટ્રીકટ ફર્સ્ટ (અંગ્રેજી માધ્યમ)
85 કે તેથી વધુ PR મેળવતા વિદ્યાથીઓ...
95-up : 22 90 - up : 46 85-up : 93
P.R. 99.43 A1 Grade બલાસ જય
P.R. 99.14 A1 Grade ધોરાજીયા પૂર્વ
P.R. 98.52 A1 Grade પટેલ ઉત્સવ
P.R. 98.42 A1 Grade કથીરિયા રુદ્ર
P.R. 98.31 A1 Grade બુન્ધેલીયા મિત
P.R. 98.31 A1 Grade માંકડા ખાદીમ
P.R. 97.99 A1 Grade કોઠીયા સ્મિત
P.R. 97.99 A1 Grade ઢોલરીયા સરજુ
P.R. 97.52 A1 Grade ભાલાળા જન્મય
P.R. 97.40 A1 Grade પરમાર ધર્મ
P.R. 97.27 A1 Grade કુબાવત વૈદેહી
P.R. 97.27 A1 Grade ધોળકિયા રૂદ્રેશ
P.R. 97.14 A1 Grade પરમાર હેમાંગી
P.R. 97.02 A1 Grade કંડોળિયા અંશુમન
P.R. 96.5 A1 Grade ઠુમ્મર હેત
P.R. 96.5 A1 Grade સોજીત્રા વ્રજ
P.R. 96.5 A1 Grade દુધાત પૂર્વ
P.R. 96.36 A1 Grade ઢોલરીયા હાર્દી

A2 - ગ્રેડ મેળવતા 60 વિદ્યાર્થીઓ

| નામ | P.R. | નામ | P.R. |
|---|---|---|---|
| સભાયા જૈમીન | 96.07 | ગોસ્વામી મોહિત | 89.66 |
| ગોલાની યશ્વી | 96.07 | વાઢેળ પ્રિન્સ | 89.46 |
| પાંચાની હેત | 95.79 | મકવાણા કિંજલ | 89.46 |
| અજાણી આરવ | 95.64 | બાબરિયા ચાહત | 89.46 |
| મકવાણા માનવ | 95.34 | કથીરિયા માનવ | 89.26 |
| કોટડીયા દક્ષ | 95.03 | લીંબાસીયા નેમિષ | 89.06 |
| કિકાણી દર્શ | 94.87 | ડાંગર ચિંતન | 88.86 |
| ગોસાઈ ચાર્મી | 94.71 | બારૈયા વિશાલ | 88.86 |
| ગોહિલ ક્રીશ્નાબા | 94.71 | ધડુક હેવિન 88.86 | |
| ખાવડીયા જ્યોત્સના | 94.71 | ભદ્રેશ્વરા પ્રિન્સ | 88.65 |
| દાફડા સુમિત | 94.56 | જાની હેમાંગી | 88.44 |
| સોલંકી અજીત | 94.56 | પાટડિયા કૌશિક | 88.44 |
| કથીરિયા કાવ્ય | 94.4 | કુબાવત અર્જુન | 88.44 |
| ગજેરા ફોરમ | 93.24 | ડાંગર મલય | 88.01 |
| ડોબરિયા નેન્સી | 93.07 | કારેણા ઉર્વી | 87.38 |
| ગોહિલ યુગ | 92.72 | વ્યાસ નમન | 86.96 |
| જોગણી પૂર્વ | 92.72 | સુવાગીયા તનુજ | 86.52 |
| અજાણી ધાર્મિક | 92.72 | લશ્કરી આદિત્ય | 86.3 |
| કારેલીયા ઋષિ | 92.54 | ઠુમ્મર પ્રિતેશ | 86.3 |
| મંડાણી કાવ્ય | 92.54 | સાવલિયા હર્ષ | 86.08 |
| ભટ્ટ પર્વ | 92.17 | દેવમુરારી ઉર્વશી | 85.85 |
| રાઠોડ માનસી | 92.17 | જાદવ અવની | 85.39 |
| રામાણી નેવિલ | 91.62 | મુછડીયા દેવાંશુ | 95.79 |
| ગોહેલ પ્રિન્સ | 91.25 | ચાવડા પ્રિયાંશુ | 93.51 |
| બાંભનીયા નિરવ | 91.06 | રાઠોડ ધ્રુવ | 91.25 |
| ઝાલાવાડિયા હર્ષ | 91.06 | વસાવા સ્મિત | 88.22 |
| ગોંડલિયા ક્રિષા | 91.06 | વઘાસીયા ધ્રુવા | 93.41 |
| ભીંગરાડિયા જેનીલ | 90.87 | વાઘેલા આસ્થા | 94.24 |
| પાનસેરિયા અંશુ | 90.48 | ખેતી રૂકૈયા | 85.62 |
| બોરીસાગર પ્રાચી | 90.48 | | |
| અકબરી મનદીપ | 89.86 | | |

ગુજરાત બોર્ડનું પરિણામ : 81.79% અમરેલી જિલ્લાનું પરિણામ : 77.77%
ત્યારે... શ્રીમતી એસ. એચ. ગજેરા શાળાનું સર્વોચ્ચ પરિણામ : 99.70% S.S.C. ગુજરાતી માધ્યમ | 100% S.S.C. અંગ્રેજી માધ્યમ
CELEBRATING 66 YEARS ANNIVERSARY
BEST SCHOOL AWARD
આપના બાળક માટે શાળાની પસંદગી A1 અને A2 ની સંખ્યા જોઇને નહીં પરંતુ શાળાનું તમામ વિદ્યાર્થીઓનું કુલ પરિણામ જોઇને કરો.
કોમર્સ અને સાયન્સમાં રિસ્ક ન લેવાય. ગજેરા સ્કુલમાં એડમીશન લઇ લેવાય !
પ્રવેશ રજીસ્ટ્રેશન શરુ...
ધો. 11-12 આર્ટસ-કોમર્સ-સાયન્સ (ગુજરાતી માધ્યમ)- કોમર્સ અને સાયન્સ (અંગ્રેજી માધ્યમ)
એડમીશન હેલ્પલાઈન નંબર : 909-909-8220
વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં સરકારશ્રી અને સંસ્થા તરફથી મળતી સ્કોલરશીપની માહિતી તથા રૂબરૂ મુલાકાત લેવા માટે આવકારીએ છીએ.
ફી સહાય :
- કોઈપણ શાળાના A1 ગ્રેડ કરનાર વિદ્યાર્થીઓને 100% ફી માફી
- નામો લક્ષ્મી , નામો સરસ્વતી, ભોજન સહાય લાભ વગેરે સરકારી યોજનાઓ તેમજ કન્યા કેળવણી અંતર્ગત બહેનોને સંસ્થા તરફથી હોસ્ટેલ ફી સહાય અને પિતા વિહોણા બાળકોને પણ સહાય આપવામાં આવે છે.
આ સિવાય અન્ય ફી સહાય માહિતી માટે શાળા કાર્યાલયનો રૂબરૂ સંપર્ક કરવા સંસ્થા મેનેજમેન્ટ આવકારે છે.
સ્કૂલ કાર્યક્ષેત્ર: નર્સરી થી ધોરણ : 12 (ગર્લ્સ & બોયઝ) સાયન્સ / સાયન્સ / આર્ટ્સ ગુજરાતી - અંગ્રેજી અને મિશ્ર માધ્યમ
હોસ્ટેલ કાર્યક્ષેત્ર: ધોરણ : 4 થી 12 (ગર્લ્સ & બોયઝ) ગર્લ્સ & બોયઝ માટે અલગ-અલગ સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્ટેલ કેમ્પસ
સ્થાપના વર્ષ : 1959
એક અહેસાસ ! સંપૂર્ણ કેળવણીનો ...
અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત
શ્રીમતી શાંતાબેન હરિભાઇ ગજેરા કેમ્પસ
વિધાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત) | સંપર્ક : 909-909-8220
E-mail : gajeracampus1959@gmail.com Web : www.vidyasabha.com
સર્વોતમ શિક્ષણના સ્વપ્નદ્રષ્ટા પ્રમુખશ્રી, વસંતભાઈ ગજેરા

# ગજેરા સ્કૂલનો દબદબો! ધોરણ ૧૦માં અંગ્રેજી માધ્યમનું ૧૦૦% પરિણામ

અમરેલી,તા.૦૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર થયેલા ધોરણ ૧૦ના પરિણામમાં અમરેલીની એસ.એચ. ગજેરા સ્કૂલ વિદ્યાસભાએ શાનદાર પ્રદર્શન કર્યું છે. શાળાના અંગ્રેજી માધ્યમ વિભાગે ૧૦૦% પરિણામ નોંધાવીને સમગ્ર જિલ્લામાં ગૌરવ વધાર્યું છે. આ વિભાગની વિદ્યાર્થિની દયુતી પરમારે ૯૯.૬૦ પર્સન્ટાઇલ રેન્ક (પીઆર) મેળવીને સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. ગુજરાતી માધ્યમ વિભાગનું પરિણામ પણ ખૂબ જ ઉત્કૃષ્ટ રહ્યું છે, જે ૯૯.૭૦% નોંધાયું છે. શાળાના ૨૧ વિદ્યાર્થીઓએ A1 ગ્રેડ અને ૬૦ વિદ્યાર્થીઓએ A2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. એટલું જ નહીં, ગુજરાત રાજ્યમાં સાતમા ક્રમે બે વિદ્યાર્થિનીઓ - ભૂત શિયા અને વાઢિયા આયુષી - રહી છે. શાળાના આ અસાધારણ પરિણામ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ





ગજેરાએ તમામ ઉતીર્ણ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા છે. વિદ્યાસભા કેમ્પસના ડિરેક્ટર વસંતભાઈ પેથાણીએ જાહેરાત કરી છે કે ધોરણ ૧૦માં A1 ગ્રેડ મેળવનાર તમામ વિદ્યાર્થીઓને ધોરણ ૧૧માં ૧૦૦% ફી માફ કરવામાં આવશે. તેમણે વાલીઓ અને વિદ્યાર્થીઓને સરકારની શૈક્ષણિક સહાય અને યોજનાઓ વિશે પણ માહિતી આપી હતી અને કાર્યાલયમાં હેલ્પ ડેસ્ક શરૂ હોવાનું જણાવ્યું હતું. પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું શાળાના પ્રવેશદ્વાર પર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમને ટ્રોફી, પ્રમાણપત્ર અને મીઠાઈ ખવડાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા. શાળા પરિસરમાં ફટાકડા ફોડીને અને સંગીતના માહોલ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

### અંગ્રેજી માધ્યમમાં પણ શાળાનો દબદબો

**અંગ્રેજી માધ્યમમાં પણ શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલનો દબદબો જોવા મળ્યો છે. આ શાળાના વિદ્યાર્થીઓએ અંગ્રેજી માધ્યમમાં પણ સારો દેખાવ કર્યો છે.**

### ગુજરાતી માધ્યમમાં વિદ્યાર્થીઓએ ડંકો વગાડ્યો

**અમરેલી વિદ્યાસભાનું ૯૯.૭૦% પરિણામ આવતા શાળા પરિવારે વિદ્યાર્થીઓએ અભિનંદન પાઠવ્યા છે. ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક શાળાની બે વિદ્યાર્થિનીઓ ગુજરાતમાં ૭મા ક્રમે આવી છે. જ્યારે શાળામાં ૨૧ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે અને ૬૦ વિદ્યાર્થીઓએ A-2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે.**

# ધારીના મીઠાપુર (ડુંગરી) ગામના ચારેય મૃતકોને સહાય આપવા ધારાસભ્ય કાકડીયાની રજૂઆત

ધારી,તા.૦૮

ધારી તાલુકાના મીઠાપુર ડુંગરી ગામના ચાર આશાસ્પદ દલિત યુવાનોનું અમરેલી તાલુકાના ગાવડકા ગામ પાસે શેત્રુંજી નદી પર બનેલા ચેકડેમના પાણીમાં ડૂબી જવાથી આકસ્મિક મૃત્યુ થયું છે. આ દુ:ખદ ઘટના તારીખ ૦૫/૦૫/૨૦૨૫ ના રોજ બની હતી. જેમાં ચાર યુવાનોના મૃત્યુ થયા હતા. ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયાએ આ કરુણ ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે જણાવ્યું છે કે મૃત્યુ પામનાર તમામ યુવાનો



અનુસૂચિત જાતિ સમાજના અને મજૂર વર્ગના હતા અને તેમના પરિવારોની આર્થિક પરિસ્થિતિ અત્યંત દયનીય છે. ધારાસભ્ય કાકડીયાએ મુખ્યમંત્રીને આ બાબતે ઘટતું કરવા અને પીડિત પરિવારોને તાત્કાલિક આર્થિક સહાય આપવા રજૂઆત કરી છે. તેમ સંજય વાળાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# માવઠાથી ખેડૂતોને થયેલા નુકસાનનું વળતર વહેલી તકે ચૂકવવા કોંગ્રેસની માગણી

### ગત વર્ષના કમોસમી વરસાદનું વળતર પણ ચૂકવાયું નથી

સાવરકુંડલા,તા.૦૮


સાવરકુંડલા તાલુકા યુવક કોંગ્રેસના પ્રમુખ નિર્મળ પટેલે ગત ૨૦૨૪માં ઓક્ટોબર-નવેમ્બરમાં અમરેલી જિલ્લામાં પડેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોને થયેલા નુકસાનનું વળતર ચૂકવવા માટે રાજ્યના કૃષિ મંત્રી અને અમરેલીના ધારાસભ્યને પત્ર લખીને રજૂઆત કરી હતી. પરંતુ આજદિન સુધી કોઈપણ સહાય નહીં ચૂકવાઈ હોવાનો તેમણે દાવો કર્યો છે. ખેડૂતો ગત વર્ષની વળતર-સહાયની રાહ જોઈ રહ્યા છે ત્યાં ફરીથી માવઠું થતાં ખેતરમાં પડેલ ડુંગળી, તલ, બાગાયતી પાકોને નુકસાન થયેલ છે. આથી તેમની સ્થિતિ ખુબ જ દયનીય બની છે. આ પરિસ્થિતિમાં ખેડૂતોની વેદના અને તેમની વાચાને ધ્યાને લઈને નિર્મળ પટેલે તંત્ર અને સરકારને અનુરોધ કર્યો છે કે, ખેડૂતોને થયેલ નુકસાનનું વળતર વહેલી તકે ચુકવવામાં આવે.

# અમરેલીમાં કમોસમી વરસાદથી થયેલ નુકસાનીમાં સહાય કરવા અશ્વિન સાવલીયાની માંગ

### ખેત જણસ સાથે પશુધનનો ચારો પણ બરબાદ

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં તારીખ ૬ અને ૭ મે, ૨૦૨૫ના રોજ પડેલા કમોસમી વરસાદે ખેડૂતોને બેવડો ફટકો માર્યો છે. એક તરફ તલ, બાજરો, જુવાર, ડુંગળી અને મગ જેવા ઉનાળુ પાકોને ભારે નુકસાન થયું છે, તો બીજી તરફ ચીકુ, પપૈયા, કેરી, દાડમ અને કેળા જેવા બાગાયતી પાકો પણ બરબાદ થઈ ગયા છે. આ ઉપરાંત, આ વરસાદે પશુપાલકોના ઘાસચારાને પણ વ્યાપક નુકસાન પહોંચાડ્યું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં



લઈને અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયાએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે વિનંતી કરી છે કે સંબંધિત વિભાગોને તાત્કાલિક નુકસાનીનો સર્વે કરવા અને ખેડૂતો તેમજ પશુપાલકોને થયેલા નુકસાનનું વળતર અપાવવા માટે પોતાની કક્ષાએથી તાત્કાલિક આદેશો જારી કરે. અમર ડેરીના ચેરમેને જણાવ્યું છે કે કમોસમી વરસાદના કારણે ખેડૂતો અને પશુપાલકોને ભારે આર્થિક નુકસાન થયું છે અને તેમને તાત્કાલિક સહાયની જરૂર છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે સરકાર આ બાબતને ગંભીરતાથી લઈને અસરગ્રસ્તોને મદદ કરશે.










## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૫૩/૨૦૨૫

અરજદાર :- શ્રી કોટડીયા મુક્તાબેન વિનુભાઈ
રહે. હરીપુરા તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. હરીપુરા, તા.જી.અમરેલી

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદારશ્રી કોટડીયા મુક્તાબેન વિનુભાઈ તેઓના પુત્ર કોટડીયા મહેશભાઈ વિનુભાઈ ની જન્મ (તા.૦૫/૦૭/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૫૮/૨૦૨૫

અરજદાર :- શ્રી મધુભાઈ કાનજીભાઈ ધામી (પટેલ)
રહે. ખીજડીયા રાદડીયા, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ખીજડીયા રાદડીયા, તા.જી.અમરેલી

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદારશ્રી મધુભાઈ કાનજીભાઈ ધામી (પટેલ) તેઓના પુત્ર રાજેશભાઈ મધુભાઈ ધામી (પટેલ) ની જન્મ (તા.૧૦/૦૭/૧૯૭૮) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૫૪/૨૦૨૫

અરજદાર :- શ્રી પ્રાગજીભાઈ વિરજીભાઈ પાદરીયા
રહે. હરીપુરા તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. હરીપુરા, તા.જી.અમરેલી

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદારશ્રી પ્રાગજીભાઈ વિરજીભાઈ પાદરીયા તેઓના પુત્ર પાદરીયા દેવચંદભાઈ પ્રાગજીભાઈ ની જન્મ (તા.૧૦/૦૫/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૫૫/૨૦૨૫

અરજદાર :- શ્રી પાદરીયા જાગાભાઈ પોપટભાઈ
રહે. હરીપુરા રાદડીયા, તા.જી.અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. હરીપુરા રાદડીયા, તા.જી.અમરેલી

### -:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદારશ્રી પાદરીયા જાગાભાઈ પોપટભાઈ તેઓના પુત્ર અશોકભાઈ જાગાભાઈ પાદરીયા ની જન્મ (તા.૦૭/૦૫/૧૯૮૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## અમરેલીની ઓક્સફર્ડ સ્કૂલનો દબદબો : વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

# ધો. ૧૦ના પરિણામમાં ઓક્સફર્ડ સ્કૂલના ૬૩ વિદ્યાર્થીઓને A-1 ગ્રેડ

**ત્રણ વિદ્યાર્થીઓએ ૯૯ ઉપર પી.આર. મેળવતા શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા**

અમરેલી,તા.૦૮

અમરેલીના ઓક્સફર્ડના વિદ્યાર્થીઓએ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર થયેલ ધોરણ ૧૦ ના પરિણામમાં અદ્ભુત દેખાવ કર્યો છે. અમરેલી જિલ્લામાં ૬૩ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ મેળવીને ઈતિહાસ રચ્યો છે. આ તમામ વિદ્યાર્થીઓએ અમરેલી જિલ્લામાં ડંકો વગાડ્યો છે. સંસ્થાના કુલ ૨૨૫ વિદ્યાર્થીઓમાંથી ૨૧૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે, જે દર્શાવે છે કે શાળાનું શિક્ષણ






સ્તર કેટલું ઊંચું છે. તેમાં પણ ૬૩ વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ, ૭૨ વિદ્યાર્થીઓએ A-2 ગ્રેડ અને ૧૦૭ વિદ્યાર્થીઓએ ૯૦ થી વધુ P.R.મેળવ્યા છે, જે સંસ્થાની મહેનત અને વિદ્યાર્થીઓની મહેનતને આભારી છે. ખાસ કરીને ઠાકર અનામિકા, રામોલીયા સોહમ અને પરમાર દેવાંશીએ ૯૯.૯૩ P.R. સાથે શાળામાં પ્રથમ સ્થાન મેળવીને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. આ સિદ્ધિ બદલ તેઓ અભિનંદનના અધિકારી બન્યા છે. ઉત્તીર્ણ થયેલા તમામ વિદ્યાર્થીઓને શાળા પરિવાર હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ આપે છે. આ પરિણામ ઓક્સફર્ડ શાળાના શિક્ષકો અને સંચાલકોના સમર્પણનું ઉત્તમ ઉદાહરણ છે. તેમ મયુરભાઈ ગજેરા, પ્રહલાદભાઈ વામજા, નિલેશભાઈ ગજેરાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# જાફરાબાદના ધોળાદ્રી ગામે બે સિંહોએ કર્યો ગાયનો શિકાર

અમરેલી,તા.૦૮

જાફરાબાદ તાલુકાના ધોળાદ્રી ગામમાં બે સિંહોએ ગાયનો શિકાર કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.

ગામની શેરીમાં બે સિંહો શિકારની શોધમાં પ્રવેશ્યા હતા. સિંહોની ડણક સાંભળીને ગામના કૂતરાઓ જીવ બચાવવા ભાગી ગયા હતા. જોકે, એક ગાય સિંહોની નજરે પડતાં સિંહોએ તેનો શિકાર કરવાનો પ્રયાસ કરતા ગાય ભાગી ગઈ હતી. જે દરમિયાન વરસાદને કારણે રસ્તા પર પાણી અને ચીકાશ હોવાથી



ગાય લપસી પડી હતી. લપસી હોવા છતાં ગાય મોતથી બચવા ફરીથી ઉભી થઈને ભાગી ગઈ હતી. જોકે, થોડી જ ક્ષણોમાં ફરીથી ગાય પરત આવતાં બંને ડાલામથ્થાઓએ ગાયને ઘેરી હતી. ગાયે થોડી વાર સુધી સિંહો સામે લડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બંને સિંહોએ તેને ઘેરી લીધી હતી અને તરાપ મારીને શિકાર કર્યો હતો.


**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 044

**સંકુલનું ગૌરવ – ધો. ૧૦ ઉચ્ચ પરિણામ**


| વિગત | BNV | LPT | GSEB | ICSE | મીશ્ર | કુલ |
|---|---|---|---|---|---|---|
| ધો.–૧૦ A1 ગ્રેડ | 18 | 14 | 05 | -- | 01 | 38 |
| ધો.–૧૦ A2 ગ્રેડ | 69 | 63 | 24 | 05 | 04 | 165 |
| ધો.–૧૦ પરિણામ | 94 % | 90 % | 98 % | 96 % | 97 % | 95 % |
| ધો.–૧૦ - 95 UP PR | 28 | 21 | 08 | -- | 01 | 58 |
| ધો.–૧૦ - 90 UP PR | 60 | 50 | 20 | -- | 03 | 133 |

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) – ચક્કરગઢ રોડ અમરેલી - Ad 042

**સંકુલ ઈંગ્લીશ મિડીયમ – સ્કૂલ કોલેજ શીફ્ટ**

| | |
|---|---|
| ★ ધો. ૧ થી ૧૦ GSEB સવાર | ★ BA(Psy-Soc-Eng) કોલેજ બપોર - GM |
| ★ ધો. ૧ થી ૧૦ ICSE સવાર | ★ B.Com.(EM - GM) કોલેજ બપોર |
| ★ ધો. ૧૧ – ૧૨ EM કોમર્સ સવાર | ★ BBA કોલેજ બપોર |
| ★ ધો. ૧૧ – ૧૨ EM સાયંસ સવાર | ★ BCA કોલેજ સવાર |
| ★ પ્રિ. સ્કૂલ – EM સવાર | ★ B.Sc(માઈક્રો – BT) કોલેજ સવાર |
| ★ પ્રિ. સ્કૂલ – GM સવાર – બપોર | ★ જ્ઞાનશક્તિ ગર્લ્સ સ્કૂલ સવાર - GM |








**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળઃ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી -Ad 045

**સંકુલ ધો. ૧૦ પરિણામ – A1 ગ્રેડ**

| ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | ગ્રેડ | ક્રમ | વિદ્યાર્થીનીનું નામ | વિભાગ | ગ્રેડ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ગજેરા નીયતી એમ. | BNV સ્કૂલ | A1 | ૨૦ | ખુંટ વિશ્વા એન. | LPT સ્કૂલ | A1 |
| ૨ | રીબડીયા સારથી એ. | BNV સ્કૂલ | A1 | ૨૧ | કનજારીયા દેવાંશી કે. | LPT સ્કૂલ | A1 |
| ૩ | સાવલીયા બંસી પી. | BNV સ્કૂલ | A1 | ૨૨ | ભમ્મર ભાવીશા આર. | LPT સ્કૂલ | A1 |
| ૪ | માયાણી પરીશા જી. | BNV સ્કૂલ | A1 | ૨૩ | ભોરડ દિશાંગી ડી. | LPT સ્કૂલ | A1 |
| ૫ | અનસારી શીફા એ. | BNV સ્કૂલ | A1 | ૨૪ | વૈષ્ણવ રેનીશા પી. | LPT સ્કૂલ | A1 |
| ૬ | બાવીસી જાન્વી વી. | BNV સ્કૂલ | A1 | ૨૫ | દેત્રુજા અવની આર. | LPT સ્કૂલ | A1 |
| ૭ | ગેલાણી માહી બી. | BNV સ્કૂલ | A1 | ૨૬ | સાવલીયા દેવાંગી બી. | LPT સ્કૂલ | A1 |
| ૮ | મકવાણા અક્સરા એસ. | BNV સ્કૂલ | A1 | ૨૭ | ગાંભવા રીતુ એમ. | LPT સ્કૂલ | A1 |
| ૯ | ગોંડલીયા દેવાંશી પી. | BNV સ્કૂલ | A1 | ૨૮ | કેવડીયા ધ્રુવિ વી. | LPT સ્કૂલ | A1 |
| ૧૦ | મહેતા શ્રેયા એસ. | BNV સ્કૂલ | A1 | ૨૯ | માંડણકા અક્સી એસ. | LPT સ્કૂલ | A1 |
| ૧૧ | માંડાણી કૃષિતા એન. | BNV સ્કૂલ | A1 | ૩૦ | પરમાર કૃપાલી એસ. | LPT સ્કૂલ | A1 |
| ૧૨ | રાણપરીયા દ્રષ્ટિ સી. | BNV સ્કૂલ | A1 | ૩૧ | સુતરીયા ઉર્વી એ. | LPT સ્કૂલ | A1 |
| ૧૩ | ગજેરા રૂદ્રા એ. | BNV સ્કૂલ | A1 | ૩૨ | ડોબરીયા ફેની એલ. | LPT સ્કૂલ | A1 |
| ૧૪ | સોલંકી મહેક એમ. | BNV સ્કૂલ | A1 | ૩૩ | શેલડીયા ધાર્મી એ. | GSEB સ્કૂલ | A1 |
| ૧૫ | તળાવીયા નિકીતા જી. | BNV સ્કૂલ | A1 | ૩૪ | વાણી જીલ ટી. | GSEB સ્કૂલ | A1 |
| ૧૬ | ઉનાગર વૈભવી જે. | BNV સ્કૂલ | A1 | ૩૫ | ગજેરા પુષ્ટી એસ. | GSEB સ્કૂલ | A1 |
| ૧૭ | મેંદપરા સોમીયા એસ. | BNV સ્કૂલ | A1 | ૩૬ | કાતરીયા હસ્તી એમ. | GSEB સ્કૂલ | A1 |
| ૧૮ | સુખવાણી નિશીતા આર. | BNV સ્કૂલ | A1 | ૩૭ | આસોદરીયા પલક એસ. | GSEB સ્કૂલ | A1 |
| ૧૯ | પટેલ તરજાણી પી. | LPT સ્કૂલ | A1 | ૩૮ | રાઠોડ સ્મીત કે. | મીશ્ર સ્કૂલ | A1 |


## રબારીકાની સ્નેહાએ ધોરણ ૧૦માં ૯૯.૮૭ PR મેળવ્યા

અમરેલી, તા.૦૮



ખાંભા તાલુકાના રબારીકા ગામની ગાંધી વિદ્યાલય ઉચ્ચતર બુનિયાદી શાળામાં અભ્યાસ કરતી સ્નેહા કનુભાઈ સરવૈયાએ ધોરણ ૧૦ની પરીક્ષામાં ૯૯.૮૭ PR મેળવીને ગામનું ગૌરવ વધાર્યું હતું.

## અવસાન નોંધ

**સાવરકુંડલા**


સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સાદડી ગં. સ્વ. શાન્તાબેન પ્રભાશંકરભાઈ વ્યાસ (ઉ.વ.૮૩) તે શ્રી પરાગભાઈ પ્રભાશંકરભાઈ વ્યાસ (GST) તથા શ્રી નિતાબેન કૃપાશંકરભાઈ ત્રિવેદી, (ગર્લ્સ હાઈસ્કૂલ) ના સાસુ તેમજ શ્રી વસંતરાય નાનાલાલ ત્રિવેદી (શારદા વોચ કું. ) અને પંકજભાઈ નાનાલાલ ત્રિવેદીના મોટાબેન અને શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ શિવશંકરભાઈ ત્રિવેદીના ફઈબા નું તા. ૦૪/૦૫/૨૫ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. જેમની સંયુક્ત સાદડી તા.૯/૫/૨૫ ને શુક્રવારના રોજ ૪:૪૦ થી ૬:૩૦ એકલીંગજી ઉપવન કાનજી બાપુની જગ્યા પાસે, સાવરકુંડલા ખાતે રાખેલ છે

**સાવરકુંડલા**

રમેશભાઈ વૃંદાવનદાસ શિંગાળા (ઉ.વ.૭૦)સુરેશભાઈ, હસમુખભાઈ, દિલીપભાઈ, જીતુભાઈ, રાજુભાઈના ભાઈ તથા જીગ્નેશભાઈ, અભિષેકભાઈના પિતાશ્રીનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા.૯/૫/૨૫ ને શુક્રવારના રોજ સાંજે ૫ થી ૬:૩૦ કલાકે લોહાણા વિદ્યાર્થીભવન મહુવા રોડ ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

રામાભાઇ કલાભાઈ બગડા (ઉ.વ.૮૪)નું તા.૪/૫/૨૫ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું સદગતનું ટેલિફોનિક બેસણું તા.૧૧/૫/૨૫ ને રવિવારના રોજ સવારે ૬:૩૦થી ૧૦:૪૫ વાગ્યે રાખેલ છે. મો.૯૭૨૭૪૧૨૮૬૨, ૬૩૫૩૦૬૮૫૧૦.

વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
**એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન)** મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪



**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
- ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
- વાળ તથા નખને લગતા રોગોની સારવાર
- એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
- અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
- Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
- Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
- Botox, Filler, Thread Lift
- Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD) ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**
ઉપલબ્ધ સારવાર
- જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીંચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
- દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
- ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
- રશિયન પદ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
- બે ક્લાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજો માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

# સા.કુંડલામાં રિધ્ધિ સિધ્ધિનાથ મહાદેવ મંદિર ચોકથી અમરેલી રોડ સુધી ઊંડા ખાડાઓથી લોકો પરેશાન

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલા શહેરના મધ્યમાંથી પસાર થતો નાવલી નદી પાસેનો માર્ગ કે જે આઈકોનીક માર્ગ તરીકે ઓળખાવાનો છે તેમાં હાલ રિધ્ધિ સિધ્ધિનાથ મહાદેવ મંદિરથી અમરેલી રોડ, ભુવા રોડ તરફ જતાં રસ્તા સુધી હાલ કરોડો રૂપિયાના ખર્ચે ભૂગર્ભ ગટર યોજનાનું કામ ચાલુ છે. છેલ્લા બે મહિનાથી આ કામ ચાલુ હોવાથી રોડની એક સાઈડમાં ઠેર ઠેર ખોદકામ થઈ રહ્યું છે. ઊંડા ખોદકામ કરેલાં ખાડામાં ગટરના ભૂંગળા ફિટ કરવામાં આવી રહ્યા છે. જો કે આ સંદર્ભે રસ્તાની સાઈડમાં ઊંડું ખોદકામ કરતાં આ કમોસમી વરસાદને કારણે રસ્તા પર ખાડાઓમાં પાણી ભરાયા છે અને લગભગ દોઢ માથોડા ઊંડા આ ખાડા કે જ્યાં ગટરની કુંડીઓ બનાવવાની



છે ત્યાં હાલ મોટા મોટા ખાડા ખુલ્લા છે. કમોસમી વરસાદને કારણે ખાડાઓમાં ધોવાણ પણ થઈ રહ્યું છે તેમ આસપાસના વેપારીઓનું કહેવું છે. પોતાની દુકાનને અડીને જ મોટા ખાડા હોય અમુક પાલાધારકોના પાલાને નુકસાન થવાની સંભાવનાને પણ નકારી શકાય તેમ નથી. સાવરકુંડલા શહેરની મધ્યમાંથી પસાર થતો આ માર્ગ હાલ ભૂગર્ભ ગટર યોજના ચાલુ હોય અહીં વેપાર કરતા વેપારીઓ અને ગ્રાહકો અને અહીંથી પસાર થતા રાહદારીઓ પણ પરેશાન છે.

# સતત વરસી રહેલા કમોસમી વરસાદથી સા.કુંડલા માર્કેટયાર્ડના શ્રમિકો મુશ્કેલીમાં

**વરસાદને કારણે બંધ થયેલું કામકાજ ફરી શરૂ થાય તેવી શ્રમિકોને આશા**

સાવરકુંડલા,તા.૦૮

સાવરકુંડલા પંથકમાં છેલ્લા બે દિવસથી સતત વરસાદ અને અગાઉની આગાહીને પગલે સાવરકુંડલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ માર્કેટિંગ યાર્ડમાં કામ કરતા શ્રમિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. કમોસમી વરસાદના કારણે યાર્ડમાં ખેત જણસોની આવક બંધ થઈ ગઈ છે, જેના લીધે અંદાજે ૧૦૦ જેટલા શ્રમિકોને કામ અને મજૂરી મળવાનું બંધ થઈ ગયું છે.

છેલ્લા પાંચ દિવસથી કામ ન મળતા આ શ્રમિકોની હાલત કફોડી બની છે.



માર્કેટિંગ યાર્ડના મજૂર એસોસિએશનના પ્રમુખ અને અન્ય આગેવાનો વરસાદ બંધ થવાની અને ફરીથી રોજગારી શરૂ થવાની આશા રાખી રહ્યા છે. વરસાદના કારણે કામકાજ ઠપ્પ થઈ જતાં શ્રમિકો માટે હડતાળ જેવું વાતાવરણ સર્જાયું છે અને તેઓ હવે મોસમ સુધરવાની પ્રાર્થના કરી રહ્યા છે.

# મોટા ભંડારીયા ગામના પ્રૌઢની મોટર સાયકલ સ્લીપ થતાં સારવારમાં મોત

**વાંકીયા ગામના પાટીયા પાસે બનાવ બન્યો હતો**

અમરેલી, તા.૦૮

અમરેલીના મોટા ભંડારીયા ગામનો પુરુષ બાઈક લઈને પસાર થતો હતો ત્યારે સ્લીપ થતાં ગંભીર ઈજા પહોંચી હતી. માથાના ભાગે ગંભીર ઈજા થવાથી સારવાર દરમિયાન મોત થયું હતું. બનાવ સંદર્ભે દેસાભાઈ ખોડાભાઈ લુહાર (ઉ.વ.૫૮)એ જાહેર કર્યા મુજબ વિનુભાઈ ખોડાભાઈ લુહાર (ઉ.વ.૬૭) બાઈક લઈને ચલાલા તરફ જતા હતા. આ સમયે વાંકીયા ગામના પાટીયા પાસે મોટર સાયકલ સ્લીપ થતાં ગંભીર ઈજા પહોંચી હતી. જેથી સારવાર દરમિયાન મોત થયું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.ડી. જોશી વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાંપ્રાકૃતિકખેતીનોઅભ્યાસ: કૃષિસખી બહેનોએ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગની મુલાકાત લીધી

અમરેલી, તા.૦૮

અમરેલી ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, જી.એન.એફ.એસ.યુ.ના સંયુક્ત પ્રયાસોથી કૃષિ વિજ્ઞાન કેન્દ્રની કૃષિ સખી તાલીમાર્થી બહેનો માટે એક માહિતીપ્રદ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. તારીખ ૦૭-૦૪-૨૦૨૫ ના રોજ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ ખાતે યોજાયેલી આ વિઝિટમાં અમરેલી અને આસપાસના ગામોમાંથી કુલ ૩૦ બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા મિનાક્ષીબેન બારૈયા, કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના આચાર્ય ડૉ. સ્વપ્રિલ દેશમુખ



અને બંને કેમ્પસના નિષ્ણાંતો ડૉ. નિલેષભાઈ કાછડિયા, બી.ડી. મકવાણા અને કુ. હિમાનીબેન ગજેરા ઉપસ્થિત રહ્યા હતા. કોલેજના આચાર્ય ડૉ. સ્વપ્રિલ દેશમુખે બહેનોને પ્રાકૃતિક ખેતીના મહત્વ અને તેને કરવાની પદ્ધતિઓ વિશે વિગતવાર માહિતી આપી હતી. તેમણે આજના સમયમાં પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત અને તેનાથી ગામડાની અર્થવ્યવસ્થાને કેવી રીતે મજબૂત કરી શકાય તે અંગે સમજાવ્યું હતું.

# સા.કુંડલાના રિક્ષા ડ્રાયવરનો મોબાઈલ પેન્ટના ખિસ્સામાંથી સરકી જતા ફરિયાદ

**રૂ. ૩૫,૯૯૯ ની કિંમતનો ફોન અજાણ્યો ઈસમ ઉઠાવી ફરાર**

સાવરકુંડલા, તા.૦૮

સાવરકુંડલામાં રહેતા એક યુવકનો મોબાઈલ ફોન અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. રૂપિયા ૩૫,૯૯૯ની કિંમતના ફોનની અજાણ્યો ઈસમ ઉઠાંતરી કરીને ફરાર થઈ ગયો હતો. બનાવ સંદર્ભે મહેશનાથ ઉમેદનાથ નાથજી (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ તેઓ રિક્ષા લઈને અમરેલી રોડ જતા હતા ત્યારે તેમના પેન્ટના ખિસ્સામાં મોબાઈલ મૂક્યો હતો મહાદેવ વાડી પાસે જઈને જોયું તો ફોન ખિસ્સામાં નહોતો. રૂપિયા ૩૫,૯૯૯ની કિંમતના ફોનની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીજિલ્લામાંધો. ૧૦નું ૭૭.૭૭%પરિણામ નોંધાયુ

**જિલ્લામાં ૫૨૭ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો**

અમરેલી,તા.૦૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે આજે ધોરણ ૧૦નું પરિણામ જાહેર કર્યું છે.

રાજ્યનું સમગ્ર પરિણામ ૮૩.૦૮% રહ્યું છે. અમરેલી જિલ્લાનું પરિણામ ૭૭.૭૭% નોંધાયું છે. અમરેલી જિલ્લામાં કુલ ૧૫,૬૯૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે નોંધણી કરાવી હતી. તેમાંથી ૧૫,૨૫૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

જિલ્લામાં ૫૨૭ વિદ્યાર્થીઓએ A૧ ગ્રેડ મેળવ્યો છે. ગ્રેડવાર પરિણામની વિગતો જોઈએ તો ૧,૬૫૪ વિદ્યાર્થીઓએ A૨ ગ્રેડ મેળવ્યો છે. ૨,૫૧૦ વિદ્યાર્થીઓએ B1 ગ્રેડ અને ૩,૦૬૫ વિદ્યાર્થીઓએ B2 ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. C૧ ગ્રેડમાં ૨,૭૮૩ અને C૨ ગ્રેડમાં ૧,૨૪૨ વિદ્યાર્થીઓ છે. D ગ્રેડમાં ૮૧ વિદ્યાર્થીઓ છે. E૧ ગ્રેડમાં ૨,૨૬૮ અને E૨ ગ્રેડમાં ૧,૧૨૨ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જિલ્લામાં ૧૧,૮૬૨ વિદ્યાર્થીઓ EQS પરિણામ મેળવવા પાત્ર છે.

# લાઠી ખાતે વીરાંજલિ કાર્યક્રમ યોજાયો, આગેવાનોનીહાજરી



અમરલી,તા.૦૮

લાઠી વીર હમીરજી ગોહિલ સ્મૃતિ ટ્રસ્ટ લાઠી દ્વારા વીરાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. લાઠી ખાતે રાજવી કુંવર વીર હમીર સિંહજી ગોહિલને સ્મૃતિ વંદનાથી ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ અર્પણનો એક કાર્યક્રમ હમીરજી ગોહિલ સ્મૃતિ ટ્રસ્ટ લાઠી દ્વારા યોજવામાં આવેલ. જેમાં ઈતેશભાઈ મહેતા તથા ભરતભાઈ પાડા તેમજ ધર્મેશભાઈ સોની, રાજુભાઈ રીઝિયાંએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

# બાબરાની સરકારી કોલેજમાં MA અને M.Comના નવા કેન્દ્રો ફાળવાયા

બાબરા,તા.૦૮

બાબરાની સરકારી કોલેજમાં MA અને M.Comના નવા કેન્દ્રોની ફાળવણી થતાં વિદ્યાર્થીઓમાં ખુશી વ્યાપી છે. આ કેન્દ્રોની ફાળવણી માટે લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ અથાગ પ્રયાસો કર્યો હતો. ધારાસભ્ય જનકભાઈ તળવીયાએ બાબરાની કોલેજમાં ઉચ્ચ શિક્ષણના આ કેન્દ્રો શરૂ કરવા માટે રાજ્યના શિક્ષણ



મંત્રીને પત્ર લખીને રજૂઆત કરી હતી. આ માંગણીને ગંભીરતાથી ધ્યાને લઈ સરકારે તાત્કાલિક મંજૂરી આપી છે. આ અંગે એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, હવે અમારે MA અને M.Com ના અભ્યાસ માટે દૂરના શહેરોમાં જવાની જરૂર નહીં રહે. અમારા પોતાના શહેરમાં જ ઉચ્ચ શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થવાથી અમારો ઘણો સમય અને પૈસા બચશે. નવા કેન્દ્રોની ફાળવણી થતાં બાબરા પંથકના વિદ્યાર્થીઓએ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર માન્યો હતો. આ સુવિધાથી સ્થાનિક વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણનો સીધો લાભ મળશે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: બારસ
તા. ૦૯-૦૫-૨૦૨૫, શુક્રવાર, સૂર્યોદય-૦૫:૩૪,
સૂર્યાસ્ત-૦૭:૦૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૫-૨૦૨૫ શુક્રવાર

મેષ: આજનો દિવસ શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિરની મુલાકાત લેવાનું વિચારી શકો છો.

વૃષભ: આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુન: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્ક: આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી.

સિંહ: આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

કન્યા: આજનો દિવસ દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલા: આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો.

વૃશ્ચિક: આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે.

ધન: આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકર: આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

કુંભ: આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો.

મીન: આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

**સાથે ચા પીવા બાબતે માથાકૂટ કરી**

# બાબરામાં રત્નકલાકારને ગાળો બોલી ઢીકાપાટુ માર્યા

**સફાઈ કરવાના ઝાડુનો એક ઘા પણ માર્યો**

બાબરા, તા.૦૮

બાબરામાં રહેતા એક રત્નકલાકારને ગાળો બોલી ઢીકાપાટુ મારવામાં આવ્યા હતા. તેમજ સફાઈ કરવાના ઝાડુનો એક ઘા પણ ફટકાર્યો હતો. બનાવ અંગે લાલજીભાઈ અમરશીભાઈ ગોલાણી (ઉ.વ.૨૮)એ મહેશભાઈ વલ્લભભાઈ સોલંકી, કિશનભાઈ રવજીભાઈ સોલંકી, વિશાલભાઈ રવજીભાઈ સોલંકી સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ બાબરા તાપડીયા આશ્રમની સામે આવેલ એસ.કુમાર હીરાના કારખાનામાં કામ ઉપર હાજર હતા તે વખતે આરોપીઓએ તેમની સાથે ચા પીવા બાબતે માથાકૂટ કરી ગાળો આપી હતી. તેમજ ઢીકાપાટુ વડે મુંઢમાર મારી, શરીરે ઉજરડા કરી ઈજા પહોંચાડી હતી. સફાઈ કરવાના લાકડી જેવા ઝાડુનો એક ઘા મારી ફેક્ચર કર્યું હતું. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.બી. વાઘેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા, સાવરકુંડલામાંથી અંધારામાં છૂપાતા ઈસમો ઝડપાયા

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે અંધારામાં લપાતા છૂપાતા બે ઈસમોને ઝડપી લીધા હતા.

સાવરકુંડલામાંથી કાળુબાઈ શિવાભાઈ મકવાણા (ઉ.વ.૩૦) અને બાબરામાંથી શનિ ઉર્ફે ધમો રાજુભાઈ સુવારીયા (ઉ.વ.૨૫) રાત્રીના સમયે કોઈ મિલકત સંબંધી કોગ્ની. ગુનો કરવાના ઈરાદે રખડતા ભટકતા શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા.

# અમરેલીમાંથી પાંચ પ્યાસી પકડાયા

અમરેલી, તા.૦૮

અમરેલી જિલ્લામાંથી પોલીસે પાંચ ઈસમોને કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપી પાડ્યા હતા. આ સિવાય સાવરકુંડલામાંથી બે, બાબરા અને ખાંભામાંથી એક-એક મળી કુલ નવ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ઝડપાયા હતા. સાવરકુંડલામાં હાથસણી રોડ ખોડિયાર ચોક પાસેથી મીતીયાળા ગામનો યુવક વિના પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં રોડ ઉપર ફરતો મળી આવ્યો હતો.

# જિલ્લામાં ખેતી અને બાગાયતી પાકને મોટું નુકસાન, તાત્કાલિક સહાયની માંગ

અમરેલી,તા.૦૮

અમરેલી જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારેથી અતિભારે કમોસમી વરસાદે ખેડૂતોને ભારે આર્થિક નુકસાન પહોંચાડ્યું છે. જિલ્લાના ધારી તાલુકા સહિત તમામ તાલુકાઓમાં ડુંગળી, ઉનાળુ બાજરી, મકાઈ, તલ જેવા ખેતી પાકો તેમજ કેરી અને કેળા જેવા બાગાયતી પાકોને વ્યાપક નુકસાન થયું છે. મોટાભાગના ખેડૂતોના પાક નિષ્ફળ ગયા હોવાની ફરિયાદો મળી રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને અમરેલી જિલ્લા પંચાયતની જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ બી. કુંજડીયાએ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખ્યો છે. પત્રમાં તેમણે અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાં તાત્કાલિક સર્વે કરાવીને ખેડૂતોને સહાય પેકેજ જાહેર કરવા આગ્રહભરી ભલામણ કરી છે, જેથી ખેડૂતોને આ આર્થિક મુશ્કેલીમાંથી રાહત મળી શકે. આ પત્રની નકલ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને પણ મોકલવામાં આવી છે, જેથી આ બાબતે તાત્કાલિક ધ્યાન દોરવામાં આવે.

### તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમા

જન્મ/મરણ અરજી નંબર/૩૦/૨૦૨૫

અરજદાર :- શ્રી ગુજરીયા પુંજાભાઈ બચુભાઈ,
સરનામું :- રહે. ચાંચ, તા.રાજુલા જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ચાંચ
તા.રાજુલા,જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી ગુજરીયા પુંજાભાઈ બચુભાઈ, એ તેમના દાદા શ્રી.સ્વ વશરામભાઈ પુંજાભાઈ ગુજરીયાનુ મરણે તા.૧૩/૦૯/૧૯૬૩ તથા તેમના દાદી શ્રી.સ્વ નાનીબેન વશરામભાઈ ગુજરીયાનુ મરણે તા.૨૨/૦૧/૧૯૮૯ રોજ ચાંચ મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વિ.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧ માહે. ૫ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૧/૫/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### રાજુલાના મહે. એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.રાજુલા

અ.નં.૨૮/૨૦૨૫

અરજદાર :- ગુજરીયા મુળુભાઈ કાનાભાઈ
ઉ.વ.:-૬૩,ધંધો:-ખેત મજુરી,ધર્મે:-હિન્દુ
રહે.ચાંચ તા.રાજુલા જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી શ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી.ગ્રામ પંચાયત કચેરી.
મુ.ચાંચ ,તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ચાંચ ગામના શ્રી પિતા સ્વ.કાનાભાઈ પુંજાભાઈ ગુજરીયા મરણ તા.૨૧/૩/૧૯૯૩ તથા માતા સ્વ.લાખુબેન કાનાભાઈ ગુજરીયા ની મરણ તા.૧૨/૧/૨૦૧૫ ની નારોજ મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા ના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો,તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૧ માહે. ૫ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સીક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૦૧/૦૫/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### રાજુલાના મહે.તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મું.રાજુલા

મરણ અરજી નં.૨૭/૨૦૨૫

અરજદાર :- મકવાણા ધીરજભાઈ લખમણભાઈ
ઉ.વ.૪૭,ધંધો.મજુરી,ધર્મે.હિન્દુ
રહે. ડુંગર, તા.રાજુલા જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી શ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી.ગ્રામ પંચાયત કચેરી.
મુ.ડુંગર ,તા.રાજુલા, જી.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ડુંગર ગામના શ્રી મકવાણા ધીરજભાઈ લખમણભાઈ અરજદારે તેમના દાદા સ્વ.મકવાણા નારણભાઈ રામભાઈ નુ અવસાન તા.૦૯/૦૧/૨૦૦૭ તથા અમો અરજદારના દાદી સ્વ. મકવાણા અમરીબેન નારણભાઈ નુ અવસાન તા.૦૫/૦૭/૧૯૫૨ ના રોજ મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.ડી.દવે મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૮ માહે. ૫ સને. ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા
તા.૮/૫/૨૦૨૫

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તંત્રી લેખ**

# એરફોર્સ બાદ ઇન્ડિયન નેવી એક્શન મોડમાં

ઓપરેશન સિંદૂર સફળતાપૂર્વક પૂરું કર્યા બાદ હવે મેઈન પિક્ચર શરૂ થશે. ઓપરેશન સિંદૂરમાં માત્ર એરફોર્સનો એટેક થયો છે ઈન્ડિયન નેવીની તાકાત હજી કામે લાગી નથી. ઈન્ડિયન નેવીની તાકાત એવી છે કે જેનાથી ચાઈના પણ ડરે છે. માત્ર ૨૫ મિનિટમાં ભારતીય સૈનિકોએ પાકિસ્તાનના આતંકી અડ્ડાઓને નેસ્તનાબૂદ કરી નાખ્યા. ૧૭ વર્ષના આતંકનો હિસાબ માત્ર ૨૫ મિનિટની અંદર ભારતે આપી દીધો. બીજે દિવસે સવારે લાહોર પર સીરીયલ એટેક થયા. આ પ્રચંડ ધડાકાથી સમગ્ર પાકિસ્તાનમાં ભયનો માહોલ છવાઈ ગયો. આ મિસાઈલ એટેક ભારતે નહીં પરંતુ પાકિસ્તાનના કટ્ટર દુશ્મન બલુચિસ્તાનની આર્મીએ કર્યો હોવાનું જાહેર થયું છે આમ પાકિસ્તાન બંને બાજુથી ખોખરું થઈ રહ્યું છે. ભારતે જાહેર કર્યું છે કે ઓપરેશન સિંદૂર એ તો માત્ર ટ્રેલર હતું પિક્ચર હજુ બાકી છે! આ પિક્ચરના પ્રારંભમાં કદાચ ઈન્ડિયન નેવી મહત્વનો ભાગ ભજવે તેવી શક્યતા છે. ઈન્ડિયન નેવીની તાકાત વિશ્વની અંદર અમેરિકા જેવા દેશોની બરોબરી કરે તેવી છે. ભારતીય નૌકાદળ એક અત્યંત સક્ષમ અને આધુનિક નૌકાદળ છે, જે ભારતના દરિયાઈ હિતોનું રક્ષણ કરવા અને પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા જાળવવા માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ભારત પાસે વિમાનવાહક જહાજો એરક્રાફ્ટ કેરિયર છે. ભારતીય નૌકાદળ પાસે બે કાર્યરત વિમાનવાહક જહાજો છે - INS વિક્રમાદિત્ય અને સ્વદેશી રીતે નિર્મિત INS વિક્રાંત. આ જહાજો હવાઈ શક્તિને દરિયામાં દૂર સુધી લઈ જવાની ક્ષમતા પ્રદાન કરે છે. આ ઉપરાંત વિનાશક જહાજો એટલે કે ડિસ્ટ્રોયર છે જેમાં કોલકાતા-શ્રેણી, દિલ્હી-શ્રેણી અને રાજપૂત-શ્રેણીના વિનાશક જહાજો કાર્યરત છે. તે આધુનિક શસ્ત્રો અને સેન્સરથી સજ્જ છે, જે હવાઈ સંરક્ષણ અને સબમરીન વિરોધી યુદ્ધ જેવી બહુવિધ ભૂમિકાઓ ભજવી શકે છે. ફ્રિગેટ્સ શિવાલિક-શ્રેણી, તલવાર-શ્રેણી અને બ્રહ્મપુત્ર-શ્રેણીના ફ્રિગેટ્સ વિવિધ પ્રકારના કાર્યો કરવા માટે સક્ષમ છે, જેમાં સબમરીન વિરોધી યુદ્ધ અને હવાઈ સંરક્ષણનો સમાવેશ થાય છે. વિવિધ શ્રેણીના કોર્વેટ્સ જહાજો દરિયાકાંઠાની સુરક્ષા અને અન્ય સહાયક ભૂમિકાઓ ભજવે છે. ભારતીય નૌકાદળ પાસે પરમાણુ સંચાલિત બેલેસ્ટિક મિસાઈલ સબમરીન (SSBN) INS અરિહંત સહિત અનેક પરંપરાગત સબમરીન છે, જે ગુપ્ત રીતે પાણીની અંદર કાર્ય કરવાની ક્ષમતા ધરાવે છે.એમ્ફિબિયસ એસોલ્ટ શિપ આ જહાજો સૈનિકો અને સાધનોને દરિયાકાંઠે ઉતારવાની ક્ષમતા ધરાવે છે. પેટ્રોલ વેસલ્સ દરિયાઈ સરહદોની સુરક્ષા અને દેખરેખ માટે આ જહાજો મહત્વપૂર્ણ છે. સહાયક જહાજો મહત્વનો હિસ્સો છે. આમાં રિપ્લેનિશમેન્ટ શિપ્સ અને અન્ય લોજિસ્ટિક સપોર્ટ પૂરા પાડતા જહાજોનો સમાવેશ થાય છે. નૌકાદળ પાસે ફાઈટર જેટ્સ (MiG-29K અને Rafale-M), હેલિકોપ્ટર (Dhruv, Sea King, Ka-28, Ka-31, MH-60R), અને દરિયાઈ પેટ્રોલિંગ વિમાનો (P-8I Poseidon, Dronier ૨૨૮)નો મજબૂત કાફલો છે. ભારતીય નેવીની ક્ષમતાઓ એટલે કે કેટેબિલિટી પણ જબરજસ્ત છે એમાં પાવર પ્રોજેક્શન (Power Projection) મહત્વપૂર્ણ છે. વિમાનવાહક જહાજોની હાજરી ભારતીય નૌકાદળને દૂરના વિસ્તારોમાં પણ પોતાની શક્તિનું પ્રદર્શન કરવાની ક્ષમતા આપે છે.

# આઈ. એન. એસ. વિક્રાંત પાકિસ્તાનના કરાચી બંદરની સામે એક્શન મોડમાં

ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાનના કરાચી એરપોર્ટની બરોબર સામે અરબી સમુદ્રમાં આઈ.એન.એસ. વિક્રાંત એક્શન મોડમાં ઉભુ છે. આ યુદ્ધ જહાજથી ચાઈના પણ ડરે છે! આઈ.એન.એસ. વિક્રાંત (નવું વિમાનવાહક જહાજ) ૨ સપ્ટેમ્બર ૨૦૨૨થી ભારતીય નૌકાદળમાં સેવા આપી રહ્યું છે. તે હાલમાં પણ સક્રિય સેવામાં છે. જો જૂના (૧૯૬૧ના) આઈ.એન.એસ. વિક્રાંતની વાત કરીએ, તો તેનો સેવા કાળ ૧૯૬૧થી ૧૯૯૭ સુધીનો હતો. વિક્રાંત સંપૂર્ણપણે ભારતની સ્વદેશી ટેક્નોલોજી અને ડિઝાઈન પર આધારિત છે, હવે ભારત પોતે જ આવા વિમાન વાહક જહાજો પોતાના શિપયાર્ડમાં બનાવી શકે છે. હવે આપણો દેશ આના કરતાં પણ મોટા વિમાનવાહક જહાજ બનાવવા સક્ષમ છે. નવા આઈએનએસ વિક્રાંતમાં આધુનિક નેવિગેશન, સંચાર અને યુદ્ધ વ્યવસ્થાઓ (combat management systems) લાગુ કરવામાં આવી છે. વિક્રાંતમાં 'સ્કી-જમ્પ' ટેક્નોલોજીનો ઉપયોગ થયો છે, જેના કારણે લડાકુ વિમાનોને ટેક-ઓફ માટે વધુ ઝડપ મળે છે. જહાજમાં ઓટોમેશન અને એડવાન્સ્ડ સેન્સર સિસ્ટમ્સ લાગુ કરવામાં આવી છે, જે તેને વધુ કાર્યક્ષમ અને સુરક્ષિત બનાવે છે. આ તમામ અનન્ય તકનીકોના કારણે આઈ.એન.એસ. વિક્રાંત ભારતના નૌકાદળ માટે એક વિશિષ્ટ સિદ્ધિ છે. આઈ.એન.એસ. વિક્રાંત, ભારતનું પ્રથમ સ્વદેશી વિમાનવાહક જહાજ, ભારતીય નૌકાદળ માટે એક મહત્વપૂર્ણ "ફ્લોટિંગ એરબેસ" છે. તેમાં વિવિધ પ્રકારના ફાઈટર વિમાનો અને હેલિકોપ્ટરો કાર્યરત છે, જે જહાજની યુદ્ધશક્તિ અને રક્ષણક્ષમતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આઈ.એન.એસ. વિક્રાંત પર કાર્યરત મુખ્ય ફાઈટર વિમાનો નીચે મુજબ છે. MiG-29K નામનું હેલિકોપ્ટર રશિયન બનાવટનું છે. લડાકુ વિમાનો મુખ્યત્વે વિક્રાંત પર કાર્યરત છે. MiG-૨૯K એક મલ્ટિ-રોલ, સમુદ્રી લડાકુ વિમાન છે, જે હવા-થી-હવા અને હવા-થી-ભૂમિ હુમલાઓ માટે સક્ષમ છે. તેની વિશેષતા એ છે કે તે STOBAR (Shrot Take-Off But Arrested Recovery) ટેક્નોલોજીથી ઓપરેટ થાય છે, જેમાં વિમાન સ્કી-જમ્પથી ઝડપથી ઉડે છે અને લેન્ડિંગ વખતે એરરેસ્ટર વાયરથી અટકાવવામાં આવે છે. વિક્રાંત પર નીચેના હેલિકોપ્ટરો કાર્યરત છે. વિક્રાંત પર Kamov-૩૧, MH-૬0R Romeo અને HAL Dhruv જેવા હેલિકોપ્ટરો પણ કાર્યરત છે, જે પેટ્રોલિંગ, એન્ટી-સબમરીન વોરફેર, શોધ અને બચાવ (SAR) અને મલ્ટિ-મિશન કામગીરી માટે ઉપયોગમાં લેવાય છે. આઈ.એન.એસ. વિક્રાંતની વિશેષતાઓ અને મહત્વ નીચે મુજબ છે. વિક્રાંત પર લગભગ ૩૦ જેટ અને હેલિકોપ્ટરો ઓપરેટ કરી શકાય છે, જે તેને દક્ષિણ એશિયામાં સૌથી શક્તિશાળી વિમાનવાહક



જહાજ બનાવે છે. MiG-૨૯K જેવા આધુનિક ફાઈટર વિમાનોના કારણે વિક્રાંત હવા અને દરિયામાં બંને પર દુશ્મન સામે અસરકારક પ્રતિસાદ આપી શકે છે. આઈ.એન.એસ. વિક્રાંત પર કાર્યરત ફાઈટર વિમાનો અને હેલિકોપ્ટરો તેને ભારતની

**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

સમુદ્રી સુરક્ષા અને વ્યૂહાત્મક શક્તિ માટે અત્યંત મહત્વપૂર્ણ બનાવે છે. MiG-29K અને આધુનિક હેલિકોપ્ટરોના સંયોજનથી વિક્રાંત એક સંપૂર્ણ યુદ્ધક્ષમ પ્લેટફોર્મ બની રહ્યું છે. આઈ.એન.એસ. વિક્રાંત (INS Vikrant) એ ભારતીય નૌકાદળનું પ્રથમ સ્વદેશી રીતે બનાવવામાં આવેલું વિમાનવાહક જહાજ છે. તેનું નામ સંસ્કૃત શબ્દ 'વિક્રાંત' પરથી લેવાયું છે, જેનો અર્થ 'વીર' અથવા 'સાહસી' થાય છે. આ જહાજ ભારતની સમુદ્રી શક્તિ અને આત્મનિર્ભરતા (self-reliance)નું પ્રતિક છે. આઈ.એન.એસ. વિક્રાંતનો ઈતિહાસ અને વિકાસ. આઈ.એન.એસ. વિક્રાંતનું નિર્માણ કોચીન શિપયાર્ડ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું હતું. તેની ડિઝાઈન અને નિર્માણ સંપૂર્ણપણે ભારતીય નૌકાદળના વોરશિપ ડિઝાઈન બ્યુરો દ્વારા કરવામાં આવ્યું છે. ૨ સપ્ટેમ્બર ૨૦૨૨ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને ભારતીય નૌકાદળમાં સમાવ્યું. આ પહેલાં પણ 'આઈ.એન.એસ. વિક્રાંત' નામનું એક વિમાનવાહક જહાજ હતું, જે ૧૯૬૧થી ૧૯૯૭ સુધી સેવા આપી ચૂક્યું છે અને ૧૯૭૧ના યુદ્ધમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આઈ.એન.એસ. વિક્રાંતની વિશેષતા નીચે મુજબ છે. તેની લંબાઈ ૨૬૨ મીટર (૮૬૦ ફૂટ), ઊંચાઈ: લગભગ ૬૦ મીટર અને વજન: ૪૫,૦૦૦ ટન અને તેની ઝડપ: ૨૮ નોટ્સ (પ્રાય: ૫૨ કિમી/કલાક), તેની વિમાન ક્ષમતા: લગભગ ૩૦ જેટ અને હેલિકોપ્ટર જેટલી છે. તેના મુખ્ય હથિયાર: મિડિયમ અને શોર્ટ રેન્જ મિસાઈલ સિસ્ટમ, એકે-૬૩૦ ગન, કાવાચ ડિકોઈ સિસ્ટમ વગેરે છે. આ યુદ્ધ જહાજ પર લગભગ ૧,૭૦૦ લોકો સેવા આપી રહ્યા છે. આઈ.એન.એસ. વિક્રાંતનું મહત્વ અને ભૂમિકા. આઈ.એન.એસ. વિક્રાંત ભારતનું સૌથી મોટું અને શક્તિશાળી યુદ્ધજહાજ છે, જે દેશની સમુદ્રી સરહદોને સુરક્ષિત રાખવામાં, દુશ્મન સામે પ્રતિરોધમાં અને માનવતાવાદી કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ જહાજ 'ફ્લોટિંગ સિટી' તરીકે ઓળખાય છે, જેમાં તમામ આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ છે. ભારત હવે વિશ્વના તે થોડા દેશોમાં સામેલ થયું છે, જે પોતાનું વિમાનવાહક જહાજ સ્વદેશી ટેક્નોલોજીથી બનાવી શકે છે. આઈ.એન.એસ. વિક્રાંત માત્ર એક યુદ્ધજહાજ નથી, પણ ભારતની ટેક્નોલોજીકલ ક્ષમતા, આત્મનિર્ભરતા અને રાષ્ટ્રગૌરવનું પ્રતિક છે. તેનું નિર્માણ અને સેવા ભારતના સમુદ્રી રક્ષણ અને વૈશ્વિક સ્તરે ભારતની પ્રતિષ્ઠા વધારવામાં મહત્વપૂર્ણ છે. આઈ.એન.એસ. વિક્રાંત ભારતનું પ્રથમ સ્વદેશી રીતે ડિઝાઈન અને નિર્મિત વિમાનવાહક જહાજ છે, જે દેશની ટેક્નોલોજીકલ અને રક્ષણાત્મક આત્મનિર્ભરતા દર્શાવે છે. તેના કારણે ભારતીય નૌકાદળની દરિયાઈ શક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે, જે ભારતને વિશ્વના એવા થોડાં દેશોમાં સામેલ કરે છે, જેમણે પોતાનું વિમાનવાહક જહાજ બનાવ્યું છે. આ જહાજ ભારતીય નૌકાદળ માટે ગૌરવનું પ્રતિક છે અને દેશના દરિયાઈ ઈતિહાસમાં મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે ગણાય છે. INS વિક્રાંતના કારણે ભારતની સમુદ્રી સુરક્ષા, વ્યૂહાત્મક સ્થિતિ અને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠામાં વધારો થયો છે. આઈ.એન.એસ. વિક્રાંત (INS Vikrant) ભારતનું પહેલું સ્વદેશી રીતે ડિઝાઈન અને નિર્મિત એરક્રાફ્ટ કેરિયર (વિમાનવાહક જહાજ) છે. તે ભારતીય નૌસેનાની શક્તિ અને સ્વદેશી રક્ષણ ઉદ્યોગની ક્ષમતાનો એક - તેનું "જલાવતરણ" ૧૨ ઑગસ્ટ ૨૦૧૩ ના રોજ થયું હતું, અને તેનો ૨ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ ભારતીય નૌસેનામાં સમાવેશ કરવામાં આવ્યો. - આ જહાજ એશિયામાં સૌથી મોટું સ્વદેશી રીતે બનાવેલ યુદ્ધ જહાજ છે. ભારતને વિશ્વના થોડા દેશોમાં ગણવામાં આવે છે જે પોતાનું વિમાનવાહક જહાજ ડિઝાઈન કરી અને બનાવી શકે છે. INS Vikrant ભારતના સંરક્ષણ ઉદ્યોગની સ્વદેશી ક્ષમતાનો ગૌરવશાળી દાખલો છે અને ચીન-પાકિસ્તાન જેવા પ્રદેશીય પ્રતિસ્પર્ધીઓ સામે ભારતની નૌસૈન્ય શક્તિને વધારે છે. ઓપરેશન સિંદુર પૂર્ણ થયા બાદ વડાપ્રધાને કહ્યું કે આ તો માત્ર ટ્રેલર છે પિક્ચર હજુ બાકી છે,! આ પિક્ચરમાં મહત્વની લડાયક ભૂમિકા આઈ.એન.એસ. વિક્રાંત બજાવે તેવી પૂરી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૨૦૦ | ૩૪૦૦ |
| સાકરટેટી | ૨૦૦ | ૪૦૦ |
| તરબુચ | ૧૫૦ | ૩૦૦ |
| બટેટા | ૨૦૦ | ૩૯૧ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૬૦ |
| ટમેટા | ૧૬૦ | ૩૦૦ |
| સુરણ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| કોથમરી | ૪૫૦ | ૬૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૬૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૪૦ |
| ફ્લાવર | ૪૦૦ | ૬૫૦ |
| ભીંડો | ૧૪૦ | ૨૮૦ |
| ગુવાર | ૫૦૦ | ૮૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૦૦ | ૩૦૦ |
| કારેલા | ૩૫૦ | ૫૦૦ |
| સરગવો | ૮૦ | ૩૦૦ |
| તુરીયા | ૫૦૦ | ૭૦૦ |
| પરવર | ૭૫૦ | ૧૦૦૦ |
| કાકડી | ૧૪૦ | ૩૩૦ |
| ગાજર | ૨૦૦ | ૩૬૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૦૦ |
| બીટ | ૧૧૦ | ૨૨૦ |
| મેથી | ૫૫૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૫૦૦ | ૮૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૦૦૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૦૦ |
| ગુંદા | ૨૫૦ | ૫૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૩૬ |
| ઘઉં લોકવન | ૪૮૬ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૫૧ |

| | | |
|---|---|---|
| મગફળી જીણી | ૮૧૧ | ૧૧૬૧ |
| સિંગદાણા જાડા | ૧૩૫૧ | ૧૩૮૧ |
| સિંગ ફાડીયા | ૯૩૧ | ૧૩૬૧ |
| એરંડા / એરંડી | ૫૦૦ | ૧૧૯૬ |
| તલ કાળા | ૩૪૦૧ | ૩૪૦૧ |
| તલ લાલ | ૧૮૨૧ | ૧૮૨૧ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૨૩૧ |
| વરીયાળી | ૩૦૦ | ૧૦૨૬ |
| લસણ સુકું | ૬૩૧ | ૧૨૧૧ |
| તુવેર | ૬૦૧ | ૧૪૧૧ |
| રાય | ૧૦૦૧ | ૧૧૦૧ |
| મેથી | ૫૦૧ | ૯૬૧ |
| કાંગ | ૫૧૧ | ૬૪૧ |
| મગફળી જાડી | ૭૫૧ | ૧૩૮૬ |
| સફેદ ચણા | ૧૦૬૬ | ૧૯૦૧ |
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૧૯૩ |
| તલ - તલી | ૧૩૦૦ | ૨૦૦૧ |
| જુવાર | ૪૫૧ | ૭૪૧ |
| મકાઇ | ૪૩૧ | ૪૮૧ |
| મગ | ૧૫૫૧ | ૧૭૬૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૦૭૬ |
| વાલ | ૪૫૦ | ૧૨૦૧ |
| વાલ પાપડી | ૧૩૦૧ | ૧૩૦૧ |
| સોયાબીન | ૬૬૬ | ૮૦૬ |
| અરીઠા | ૫૭૬ | ૫૭૬ |
| ગોગળી | ૭૩૧ | ૧૦૦૧ |
| વટાણા | ૩૦૧ | ૧૨૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૪૦ | ૪૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૧૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૪૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૧૬૦ | ૩૦૦ |
| કાકડી | ૧૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૫૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૫૦૦ |
| ગલકા | ૧૪૦ | ૪૦૦ |


| | | |
|---|---|---|
| ગાજર | ૧૦૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૪૮૦ | ૮૦૦ |
| વાલ | ૮૦૦ | ૨૦૦૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૮૦૦ |
| શક્કરીયા | ૩૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૬૦૦ |
| બટેટા | ૨૫૦ | ૩૫૦ |
| ડુંગળી પુરા | ૩ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૭ |
| મૂળા પુરા | ૫ | ૬ |
| ફોદીનો પુરા | ૨ | ૪ |
| કાચા કેળા | ૪૦૦ | ૫૦૦ |
| ચૂરણ | ૧૩૮૦ | ૧૬૦૦ |
| ગુંદા | ૨૮૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૧૬૦૦ |
| મેથી પુરા | ૫ | ૮ |
| બીટ પુરા | ૮ | ૧૫ |
| સરગવો પુરા | ૭ | ૧૫ |
| ચોરા | ૨૦૦ | ૮૦૦ |
| કારેલા | ૪૦૦ | ૭૦૦ |
| આદુ | ૫૦૦ | ૮૪૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૭૦ | ૧૫૩૮ |
| શિંગ મઠડી | ૯૫૯ | ૯૫૯ |
| શિંગ મોટી | ૮૯૬ | ૧૦૬૧ |
| શિંગ ફાડા | ૧૨૧૨ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૧૨૩૦ | ૨૨૧૫ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૭૫૫ |
| તલ કાશ્મીરી | ૨૧૦૦ | ૨૧૦૦ |
| બાજરો | ૪૯૨ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૯૨ |
| ઘઉં લોકવન | ૪૯૧ | ૫૧૯ |
| ચણા | ૮૦૦ | ૧૦૮૬ |

| | | |
|---|---|---|
| ચણા સફેદ | ૧૦૭૧ | ૧૧૩૪ |
| તુવેર | ૧૧૩૫ | ૧૩૨૦ |
| એરંડા | ૧૧૧૫ | ૧૧૧૫ |
| જીરૂ | ૨૪૦૦ | ૩૭૫૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૩૦૦ |
| ધાણી | ૮૭૦ | ૧૨૭૦ |
| અજમા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| મેથી | ૬૫૦ | ૮૮૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૦૭ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૯૦ | ૨૭૦ |
| રીંગણા | ૩૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૩૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શકકરીયા | ૫૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૩૦૦ | ૪૦૦ |
| સુરણ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| દૂધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૭૦૦ | ૮૦૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| શકકરટેટી | ૨૦૦ | ૩૦૦ |
| પાકી કેરી | ૧૦૦૦ | ૧૮૦૦ |
| કાચી કેરી | ૩૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૭૦૦ | ૮૦૦ |
| મેથીભાજી | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ફુદીનો | ૬૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૦૦ |
| સરગવો | ૧૦૦ | ૧૫૦ |

| | | |
|---|---|---|
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૪૦૦ | ૫૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૦૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૧૫૦ | ૨૦૦ |
| લીંબુ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૮૪૦ | ૮૪૦ |
| ઘઉં લોકવન | ૪૬૧ | ૪૯૭ |
| ચણા સફેદ | ૧૩૦૫ | ૧૩૦૫ |
| તુવેર | ૧૨૪૧ | ૧૨૪૧ |
| એરંડા | ૧૧૪૫ | ૧૧૫૧ |
| ધાણા | ૧૧૦૦ | ૧૨૪૦ |
| મેથી | ૭૦૫ | ૭૫૫ |
| રાઈ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| શીંગ દાણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૨૫ | ૯૯૯ |
| બાજરી હાઈબ્રીડ | ૪૭૫ | ૫૬૬ |
| ઘઉં | ૪૬૦ | ૫૦૭ |
| જુવાર | ૬૦૦ | ૭૬૧ |
| ચોળી | ૧૨૫૦ | ૧૯૦૦ |
| મગ | ૧૩૦૦ | ૧૭૨૪ |
| એરડી | ૧૧૦૦ | ૧૧૬૯ |
| ચણા | ૧૦૧૦ | ૧૦૭૧ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૧૯૭૫ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૪૪૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૨૪ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૭૨ | ૧૩૯૯ |
| કપાસ સી ગ્રેડ | ૮૦૦ | ૮૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૪૭ | ૯૪૭ |
| તલ કાળા | ૩૬૫૦ | ૩૬૫૦ |
| કપાસ | ૧૩૭૧ | ૧૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૯૪ | ૪૯૪ |

| | | |
|---|---|---|
| જુવાર | ૭૦૦ | ૮૪૧ |
| તુવેર | ૧૨૨૪ | ૧૨૨૪ |
| ચણા | ૯૨૧ | ૧૦૭૯ |
| જીરૂ | ૩૭૦૧ | ૩૭૦૧ |
| સુવા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૧૦૫૦ | ૧૨૦૦ |
| એરંડી | ૧૦૨૭ | ૧૦૨૭ |
| **જામનગર** | | |
| જુવાર | ૨૦૦ | ૩૭૫ |
| બાજરો | ૩૦૦ | ૩૭૫ |
| મગ | ૧૧૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૦૦ | ૩૦૦ |
| તુવેર | ૮૦૦ | ૧૩૬૦ |
| વાલ | ૩૦૦ | ૫૦૦ |
| મગફળી જીણી | ૮૦૦ | ૮૭૫ |
| મગફળી જાડી | ૭૦૦ | ૮૫૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૬૮ |
| રાયડો | ૮૦૦ | ૧૨૧૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૧૫૫ |
| ડુંગળી | ૬૫ | ૨૨૫ |
| સોયાબીન | ૫૦૦ | ૭૦૦ |
| રાજમા | ૬૦૦ | ૧૩૨૫ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૧૫૧ | ૧૧૫૧ |
| જુવાર | ૫૦૦ | ૬૮૨ |
| બાજરી | ૪૦૬ | ૬૦૧ |
| સુવા | ૧૩૬૦ | ૧૩૬૦ |
| ચણા નં.૩ | ૧૦૪૦ | ૧૦૯૦ |
| તલ સફેદ | ૯૯૦ | ૧૯૩૦ |
| તલ કાળા | ૨૦૮૫ | ૨૨૦૧ |
| નાળીયેર | ૩૦૦ | ૨૩૦૧ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૬ |
| ઘઉં | ૪૦૦ | ૪૮૪ |
| ચણા | ૯૫૦ | ૧૦૪૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૨૦૦ |

## શબ્દ સંજોગ-૧૯૯૭



**આડી ચાવી :**
(૧) જીવન..... જગાવો (૨)
(૨) એક અનાજ (૩)
(૫) મમ્મીના પપ્પા (૨)
(૮) અવાજ (૨)
(૯) અભિપ્રાય, ધારણા (૨)
(૧૦) પાર ઉતારવું તે, સાર (૩)
(૧૧) સરદાર, નાટક કે વાર્તાનું મુખ્ય પાત્ર (૩)
(૧૨) એક પર્વત (૩)
(૧૪) કમાનવાળો દરવાજો (૩)
(૧૫) યુનાન દેશનો રહેવાસી (૩)
(૧૭) .....ની દાળના પાપડ બને (૩)
(૧૮) ભરડકું, કાંજી (૨)
(૧૯) પીડા કરતું વળગણ-ભૂત (૨)
(૨૦) અભિમન્યુની પત્ની (૩)
(૨૨) દરરોજ થયું (આ-અ) (૪)
(૨૪) બાળક (૨)
(૨૫) રૂખસદ, પરવાનગી (૨)
(૨૭) કાંત, પતિ (૩)
(૨૮) માથું મૂંડાવવું તે (૩)

**ઉભી ચાવી :**
(૧) તમસો મા .... (૫)
(૩) કાર્યની ઉત્પત્તિ કે પ્રવૃત્તિનું મૂળ (૩)
(૪) આદમની માદાજોડિયણ (૨)
(૫) શેષશાયી વિષ્ણુ, એક ઋષિ (૪)
(૬) અગિવાન, એક અટક (૩)
(૭) બારી (૪)
(૧૧) બ્રહ્માનાં એક માનસપુત્ર (૩)
(૧૩) થોડું, અંશ (૨)
(૧૪) નિકાલ, ફેંસલો (૨)
(૧૬) સો કરોડ સંખ્યા (૩)
(૧૭) ત્રાજવું, સાતમી રાશિ (૨)
(૧૯) બોર (૩)
(૨૦) દરેક સવાલનો ..... હોય જ (૩)
(૨૧) દશ માથાવાળો લંકાનો રાજા (૩)
(૨૩) રોકડું, કેશ (૩)
(૨૬) માછલા, પંખી વગેરે પકડવા માટેની જાળી (૨)

## શબ્દ સંજોગ-૧૯૯૬ જવાબ

**આડી ચાવી :** (૧) અમૃતસર (૫) સરોદ (૮) મગ (૯) સસરા (૧૧) મમ (૧૨) ભલું (૧૩) જરા (૧૫) કલા (૧૭) જખ (૧૮) કલ (૧૯) આગમન (૨૨) સગીર (૨૪) મજલ (૨૬) દાવત (૨૮) રમા (૨૯) ડમડમ (૩૦) રમણ (૩૧) મનન.

**ઉભી ચાવી :** (૧) અમન (૨) મૃગ (૩) સસલું (૪) રસ (૬) રોમ (૭) દમણ (૧૦) રાજ (૧૨) ભલા (૧૪) રાજન (૧૫) કલગી (૧૬) રોગ (૧૮) કસમ (૨૦) મલ (૨૧) ધૈવત (૨૩) રમમાણ (૨૫) લડત (૨૬) દાડમ (૨૭) વમન (૨૮) રમ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ભારતે કરેલા હુમલામાં આતંકી રઉફ અઝહર જહન્નમમાં પહોંચ્યો

ન્યુ દિલ્હી,તા.૦૮

પહેલગામ આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય સેનાએ પાકિસ્તાન વિરુદ્ધ ‘ઓપરેશન સિંદૂર’ શરુ કર્યું છે. આ ઓપરેશન અંતર્ગત ભારતે પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલ હુમલા કર્યા હતા. હવે આ ઓપરેશન સાથે જોડાયેલા સૌથી મોટા સમાચાર પ્રકાશમાં આવ્યા છે. આતંકવાદી રઉફ અઝહર ઓપરેશન સિંદૂરમાં





માર્યો ગયો છે. રઉફ અઝહર IC-૮૧૪ વિમાન હાઈજેકિંગનો માસ્ટરમાઈન્ડ હતો, જેને ‘કંધાર પ્લેન હાઈજેક’ તરીકે પણ ઓળખવામાં આવે છે. અબ્દુલ રઉફ અઝહર ૧૯૯૯ના કંદહાર વિમાન હાઈજેક(IC-૮૧૪)નો માસ્ટરમાઈન્ડ હતો. તે જૈશ-એ-મોહમ્મદના સ્થાપક મૌલાના મસૂદ અઝહરનો નાનો ભાઈ હતો. રઉફે પોતાના ભાઈને ભારતીય જેલમાંથી મુક્ત કરાવવા માટે હરકત-ઉલ-મુજાહિદ્દીન અને ISI સાથે મળીને હાઈજેકિંગનું કાવતરું ઘડ્યું હતું. તેણે કાઠમંડુમાં ઓપરેશનનું કાવતરું રચ્યું હતું અને તેનો ભાઈ ઈબ્રાહિમ અતહર પણ સામેલ હતો. રઉફની ભૂમિકા રણનિતિ ઘડવા અને સૂચનાઓ આપવા સુધી મર્યાદિત હતી. બાદમાં તે જૈશ-એ-મોહમ્મદના આતંકવાદી હુમલાઓમાં સક્રિય હતો. તે ભારતમાં ‘મોસ્ટ વોન્ટેડ’ રહ્યો છે.

## પાક.સેના અધિકારીઓ આતંકીઓના જનાજામાં સામેલ હોવાના પુરાવા



ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કરતા આતંકીઓને જહન્નમમાં પહોંચાડી દેવામાં આવ્યા છે. આ અંગે વિદેશ સચિવ મિસરીએ આતંકવાદીઓના જનાજાના ફોટા બતાવ્યા હતા. તેમણે કહ્યું, ‘જો ફક્ત નાગરિકો જ માર્યા ગયા હોત તો આતંકવાદી (લશ્કર-એ-તૈયબાના કમાન્ડર હાફિઝ અબ્દુલ રૌફ) સાથે સેનાના અધિકારીઓના ફોટા કેમ દેખાયા? આતંકવાદીઓ પાકિસ્તાની ઝંડામાં લપેટાયેલા હતા.’ બે દિવસમાં સરકાર દ્વારા આ બીજી પ્રેસ કોન્ફરન્સ છે. આ દરમિયાન વિદેશ મંત્રાલય દ્વારા પ્રેસ કોન્ફરન્સ કરવામાં આવી છે. ઓપરેશન સિંદૂર પર વિદેશ મંત્રાલયે પ્રેસ કોન્ફરન્સ કરી છે. આ દરમિયાન કર્નલ સોફિયાએ કહ્યું કે, ‘અમે પાકિસ્તાનના સૈન્ય ઠેકાણાઓને નિશાન નથી બનાવ્યા. અમે પહેલા જ પાકિસ્તાનને ચેતવણી આપી હતી. અમે પાકિસ્તાની હુમલાઓને નિષ્ફળ બનાવ્યા છે. ૭ મે ૨૦૨૫ના રોજ ઓપરેશન સિંદૂર પર પ્રેસ બ્રીફિંગ દરમિયાન ભારતે પાકિસ્તાની સૈન્ય ઠેકાણાઓને નિશાન નથી બનાવ્યા. ભારતમાં સૈન્ય ઠેકાણાઓ પર કોઈ પણ હુમલો યોગ્ય જવાબને આમંત્રિત કરશે.

# કચ્છના ખાવડામાં ડ્રોન પાવરલાઈનને અથડાતા બ્લાસ્ટ

ભુજ,તા.૦૮

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ ચાલી રહ્યો છે. પહેલગામમાં આતંકી હુમલાનો ભારતે પણ વળતો જવાબ આપ્યો છે. ત્યારે ગુરૂવારે સવારે કચ્છના સરહદીય વિસ્તારમાં બ્લાસ્ટ થયાની ઘટના સામે આવી છે. વહેલી સવારે કચ્છના સરહદીય વિસ્તારમાં આવેલા ખાવડાના પંથકમાં શંકાસ્પદ ડ્રોન હાઈ ટેન્શન પાવર લાઈન સાથે અથડાતા પ્રચંડ બ્લાસ્ટ થયો હતો. જેની જાણ સ્થાનિકોએ તાત્કાલિક ધોરણે પોલીસ અને આર્મીને કરતા ડ્રોનની તપાસ



હાથ ધરી છે. ખાવડા નજીક એક શંકાસ્પદ ડ્રોન હાઈ ટેન્શન પાવર લાઈન સાથે અથડાતા વિસ્ફોટ થયો હતો. મળતી માહિતી અનુસાર આ ઘટના ખાવડા સરહદી વિસ્તારમાં સવારે ૬ વાગ્યે બની હતી. પોલીસ અને વાયુસેના આ મામલાની તપાસ કરી રહી છે. ત્યારે અન્ય સુરક્ષા એજન્સીઓ પણ સતર્ક બની ગઈ છે. ડ્રોન સરહદ પારથી આવ્યું છે કે નહીં તેની કોઈ પુષ્ટિ થઈ શકી નથી. સુરક્ષા એજન્સીઓએ સતર્કતા વધારી દીધી છે અને સરહદ પર ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. બીએસએફ, પોલીસ અને અન્ય સુરક્ષા એજન્સીઓને સરહદ નજીકના સંવેદનશીલ ગામોમાં તહેનાત કરવામાં આવી છે. ભુજ એરપોર્ટ પણ બંધ કરવામાં આવ્યું છે અને મહત્વના રસ્તાઓ પર ચેકપોસ્ટ ઉભી કરીને વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે.

# સુકમા જિલ્લામાં ૮ નક્સલીઓ ઠાર, પાંચ જવાન શહીદ

સુકમા,તા.૦૮

છત્તીસગઢના સુકમા જિલ્લામાં સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટરમાં સુરક્ષાદળોએ બે ડિવિઝનલ કમિટીના સદસ્ય સહિત ૮ નક્સલીઓને ઠાર માર્યા છે. સુરક્ષાદળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણમાં તેલંગાણાની ગ્રીન ફાયટર ટીમના ૫ જવાનો શહીદ થયા હોવાનું સામે આવ્યું છે.

# ઉત્તરકાશીમાં હેલિકોપ્ટર ક્રેશ થતા ૯ મુસાફરોના કરૂણ મોત

ઉત્તરકાશી,તા.૦૮

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં એક મોટો અકસ્માત થયો છે. સવારે ૯ વાગ્યે ગંગાનાઈ નજીક એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે. આ અકસ્માતમાં ૬ મુસાફરોના મોત થયા છે. હેલિકોપ્ટરના કાટમાળના ફોટા પણ સામે આવ્યા છે. આ હેલિકોપ્ટર એક ખાનગી કંપનીનું હોવાનું કહેવાય છે અને તે ગંગોત્રી તરફ જઈ રહ્યું હતું. સ્થાનિક લોકો અને પોલીસ ઘટનાસ્થળે હાજર થઈ ગયા હતા અને બચાવ તથા રાહતની કામગીરી શરૂ કરી હતી. ગંગોત્રી ધામ તરફ જઈ રહેલ એરો ટ્રાન્સ ખાનગી કંપનીનું હેલિકોપ્ટર ક્રેશ થયું હતું. આ અકસ્માત ગંગાનાઈથી આગળ, નાગ મંદિરની નીચે, ભાગીરથી નદી પાસે બન્યો હોવાનું જાણવા મળે છે. પ્રાથમિક માહિતી અનુસાર, હેલિકોપ્ટર ગંગોત્રી ધામની યાત્રા પર ગયેલા શ્રદ્ધાળુઓને લઈ જઈ રહ્યું હતું. ઘટનાની માહિતી મળતા જ વહીવટીતંત્ર અને રાહત એજન્સીઓ એક્શનમાં આવી ગઈ હતી. હાલમાં, અકસ્માતનું કારણ જાણી શકાયું નથી.

# બિકાનેરની મદન માર્કેટમાં ગેસ સિલિન્ડર ફાટતા ૮ લોકોના થયા મોત, ૪ ઘાયલ

જયપુર,તા.૦૮

રાજસ્થાનના બિકાનેરમાંથી એક ખૂબ જ દુઃખદ સમાચાર આવ્યા છે. મદન માર્કેટમાં એક દુકાનમાં ગેસ સિલિન્ડર ફાટતાં આઠ લોકોના મોત થયા હતા અને ચાર ઘાયલ થયા હતા. આ ઘટનામાં દુકાનની ઈમારતને પણ નુકસાન થયું છે. એએસપી વિશાલ જાંગીડે જણાવ્યું હતું કે, "આ ઘટના એક દુકાનમાં બની હતી જ્યાં સોના-ચાંદી સંબંધિત કામ થતું હતું. અત્યાર સુધીમાં આઠ લોકોના મોત



થયા છે. મુખ્યમંત્રી ભજનલાલ શર્મા અને પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે અકસ્માત પર શોક વ્યક્ત કર્યો હતો. બુધવારે સવારે શહેરના મદન બજારમાં ગેસ સિલિન્ડર વિસ્ફોટને કારણે બે ભોંયરાના માળ ધરાશાયી થયા હતા. આ બજારની બધી દુકાનોમાં ઘરેણાં બનાવવાનું કામ થાય છે. પોલીસના જણાવ્યા અનુસાર, બુધવારે બચાવ કામગીરીમાં ત્રણ મૃતદેહ મળી આવ્યા હતા.







માતુશ્રી ડી.બી.પટેલ એજયુકેશન ટ્રસ્ટ

કૈલાશ નગર, ભાવનગર હાઈવે, આટકોટ - ૩૬૦૦૪૦ તા.જસદણ જી.રાજકોટ

પ્રતીક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ





માતૃશ્રી એમ.પી.જે.ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય - આટકોટ

ધો.૧૨ સામાન્ય પ્રવાહ (ગુજરાતી માધ્યમ)

શાળાનું પરિણામ 100%

H.S.C. BOARD 2025 Result સામાન્ય પ્રવાહ



ધાનાણી જીનલ અશોકભાઈ 99.43 PR
સોસા રીના જીતુભાઈ 98.97 PR
નારોલા નેન્સી સંજયભાઈ 98.43 PR
ફુકડિયા ખુશી ભરતભાઈ 96.72 PR
તાવિયા પાયલ પ્રકાશભાઈ 95.86 PR
અણિયાળીયા તુલસી જયેશભાઈ 95.74 PR
વેગડ પ્રિયાંશી રાજેશભાઈ 95.59 PR

માતૃશ્રી સંતોકબા ધોળકીયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ

S.S.C. BOARD 2025

શાળાનું પરિણામ ૧૦૦%



શિયાણી હસ્તી અશોકભાઈ 97.88 PR
ઝાપડિયા ભૂમિ જીતેશભાઈ 97.76 PR
વધાસિયા ભવ્યા પરેશભાઈ 96.07 PR
પલાળિયા અમીષા દિનેશભાઈ 94.71 PR
ફોગ અનમોલ અલાઉદ્દીનભાઈ 94.07 PR

માતૃશ્રી સંતોકબા ધોળકીયા માધ્યમિક કન્યા શાળા-આટકોટ



વર્ષ ૨૦૨૪-૨૫માં ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરેલ રાજકોટ જીલ્લા ગ્રામ્યની એકમાત્ર પ્રથમ ક્રમે

‘‘શ્રેષ્ઠ શાળા’’ એવોર્ડ વિજેતા સ્કુલ

રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રૂપિયા ૧ લાખ રોકડ પુરસ્કાર અર્પણ કરેલ છે.

શું આપની દિકરીને ગુણવત્તાયુકત શ્રેષ્ઠ શિક્ષણ અને શ્રેષ્ઠ સલામતી કવચ ધરાવતા મહિલા નિવાસી કેમ્પસની શોધમાં છો ?

- આપની દિકરી શહેરમાં ઘરથી દૂર કોલેજમાં ઉચ્ચ શિક્ષણ માટે અપડાઉન કરે છે ?
- આપની દિકરી શહેરમાં હોસ્ટેલ/ રૂમ ભાડે રાખી દૂર કોલેજ જાય છે ?
- આપની દિકરી દૂર કોલેજમાં કો-એજયુકેશનમાં શિક્ષણ મેળવે છે ?
- ટી.વી.,ચેનલો, સ્માર્ટ મોબાઈલ ફોન/નેટ આપના સંતાનનો રોજ બે થી ત્રણ કલાકનો સમય વ્યય કરે છે ?
- માનસિક પ્રદૂષણ અને ટેન્શનનો ભોગ બનતી દિકરીને બચાવવા ઈચ્છો છો ?
- દિકરીને માત્ર મહિલા નિવાસી કેમ્પસમાં એકાગ્રતાથી અભ્યાસ કરાવવા ઈચ્છો છો ?
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ડીસ્ટીંકશન માર્કસ સાથે ગ્રેજયુએશન પાસ કરે અને જોબ મેળવવાના ચાન્સ વધી જાય / બેરોજગાર ન રહે.
- આપ ઈચ્છો છો કે આપની દિકરી ગ્રેજયુએશન પછી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સહેલાઈથી ઉતિર્ણ થઈ મોભાદાર સરકારી નોકરી કલાસ-૧, કલાસ-૨ મેળવે ?
- દિકરીની સલામતીને ટોચની અગ્રતા આપવામાં આવતી હોય ?
- Quantity Education ના બદલે Quality Education આપવામાં આવતું હોય.
- ઉચ્ચ કક્ષાની શિસ્ત અને સંસ્કારોનું ઘડતર થતું હોય.

એનો જવાબ છે કે ગુજરાતનું ‘‘સમસ્ત પટેલ સમાજનું’’ ગૌરવવંતુ સર્વશ્રેષ્ઠ મહિલા નિવાસી કેમ્પસ એટલે

‘પ્રતિક્ષા વિદ્યા પ્રતિષ્ઠાન સંકુલ - આટકોટ’

99791 47000 / 94295 73531 / 96872 03855 / 94269 61132 / 94274 91101

OXFORD SCHOOL OF SCIENCE AMRELI

ગુજરાતી માધ્યમ

# ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ

કેરીયા રોડ, સંજોગ ન્યુઝની બાજુમાં, અમરેલી Ph. - 02792-230010/20, Mo. - 63529 29855

## વર્ષ 2025

## ધો. 10 બોર્ડ પરિણામમાં 63 A1 ગ્રેડ સાથે ઓક્સફર્ડ સ્કૂલ જિલ્લામાં પ્રથમ નંબરે

| કુલ વિદ્યાર્થી | ઉત્તિર્ણ વિદ્યાર્થી | A1 - ગ્રેડ | A2 - ગ્રેડ | 99 UP PR | 95 UP PR | 90 UP PR |
|---|---|---|---|---|---|---|
| 225 | 218 | 63 | 72 | 29 | 76 | 107 |




## -: સંસ્થાના માર્ગદર્શકો :-

ગુરૂવર્યશ્રી એચ. એલ. પટેલ સાહેબ

શ્રી પરશોતમભાઈ રૂપાલા સાહેબ

## -: શિક્ષકો એ જ સંચાલકો :-

મયુરભાઈ ગજેરા

નિલેષભાઈ ગજેરા

પ્રહલાદભાઈ વામજા